સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૨૮૩

સુવિચાર

''આ દુનિયાની દરેક વસ્તુ કિંમતી જ છે, પણ મેળવ્યાં પહેલાં અને ગુમાવ્યાં પછી...!''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



સરકારી ખર્ચે બનતા માર્ગો, મકાનો, પુલ કે અન્ય બાંધકામમાં હંમેશા દે ધનાધન

અમરેલી જિલ્લામાં વિકાસ કાર્યોની ગુણવત્તા અને ગતિ નિરાશાજનક

જે કાર્ય એક વર્ષમાં પૂર્ણ કરવાનું હોય તેને પૂર્ણ કરતાં દોઢથી બે વર્ષનો સમય લાગી રહ્યો છે

જુદા-જુદા બાંધકામ વિભાગ નીચે થતાં વિકાસકાર્યોમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિની પણ ફરિયાદ ઉભી થતી હોય છે

બાંધકામ વિભાગમાં દરેક ટેબલની ટકાવારી દેવાની હોવાથી એજન્સી ગેરરીતિ કરવા મજબુર

અમુક જનપ્રતિનિધિઓને પણ ટકાવારી આપવી પડતી હોવાનું સૌ માની રહ્યું છે

અમરેલી, તા. ૧૯

અમરેલીજિલ્લામાંદરવર્ષે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગ–મકાન વિભાગ ધ્વારા ગ્રામ્યથી લઈને રાષ્ટ્રીય કક્ષાનાં માર્ગો તેમજ સરકારી કચેરીઓ, પ્રાથમિક શાળા, સરકારી દવાખાના કે નાના–મોટા પુલ સહિતનાંવિકાસકાર્યો થતાંહોયછે.

પરંતુ, મોટાભાગનાં વિકાસકાર્યોમાંનિયમમુજબની ગુણવત્તા અને ગતિ જળવાતી નથી. કારણ કે બાંધકામ કરનાર એજન્સીને બાંધકામ વિભાગનાંજુદા–જુદાટેબલેટકાવારીની રકમ આપવી પડતી હોય છે. તો અમુક જનપ્રતિનિધિઓને પણ ટકાવારી આપવી પડતીહોવાનું જાણવા મળેલછે અનેટકાવારીદેવામાંજ ૧૫થી૨૦ટકા રકમચુકવાઈજતીહોયઅનેતેટલોનફો બાંધકામ કરનાર એજન્સી ઈચ્છતી હોવાથી એક લાખ રૂપિયાનું કામ માત્ર ૬૦ થી ૭૦ હજારમાં થતું હોવાથી ગુણવત્તા જળવાતી નથી.

તદુઉપરાંત, સમય મર્યાદામાં કામ પૂર્ણ થતું નથી કારણ કે અનેક વખત શ્રમિકોની તંગી, જરૂરી માલ સામાન કે વાહનોનો અભાવ સહિતનાં પરિબળોનાં કારણે ગતિ જળવાતી નથી.

અમરેલીજિલ્લામાં દર વર્ષે અંદાજિત ૨૦૦થી ૩૦૦ કરોડ રૂપિયા ઉપરાંતનાં ખર્ચે વિકાસ કાર્યો થતા હોય સમજી શકાય કે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાની ખાયકી કરીને ભ્રષ્ટ બાબુઓ અને બઈમાન પદાધિકારી ગાડી, બંગ્લામાંબિરાજતા થઈ જાય છે.

દેશનાં ગૌરવસમા સિંહની સુરક્ષા રામભરોસે

ધારીનાં જીરા ગામની સીમમાં આવેલ ખેતરનાં કુવામાં પડી જવાથી સિંહનું મોત

વન વિભાગે મૃતદેહ બહાર કાઢી તપાસ આદરી



અમરેલી, તા. ૧૯

ધારીતાલુકાનાજીરાગામની સીમમાં આવેલ અશોકભાઈ પરશોતમભાઈ બાંભરોલીયાનાં ખેતરમાં આવેલા પેરાપેટવાળા કૂવામાં એક નર સિંહ રાત્રિનાં અંધકારમાં પડી જતાં મૃત્યુ પામેલછે.

આ અંગેની જાણ થતાં વન વિભાગની ટીમ ધ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી સિંહના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢીજરૂરીકાર્યવાહીહાથધરવામાં આવી હતી. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમઅર્થેખસેડવામાંઆવ્યોહતો.

પ્રાથમિક તપાસ અને પોસ્ટમોર્ટમની કાર્યવાહી દરમિયાન સિંહનું મૃત્યુ પાણીમાં ડૂબી જવાના કારણે થયું હોવાનું જણાયું હતું. મૃત સિંહ નર જાતિનો અને અંદાજે ૦૨ થી ૦૩ વર્ષનો હોવાનું જાણવા મળેલ છે. પોસ્ટમોર્ટની કાર્યવાહી તા. ૧૯/૧૧/૨૦૨૬નાં રોજ પૂર્ણ કરવામાં આવી હતી.

ઉકત બનાવ દલખાણીયા રેન્જના કરમદડીરાઉન્ડ હેઠળનાંહીરાવા બીટ વિસ્તારમાં બન્યો હતો.

TAT-HS પરિણામ સામે ઉમેદવારોમાં ભારે રોષ

અમદાવાદથી સુરેન્દ્રનગર સુધી ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

પેપર-૧ અને પેપર-૨ની ઉત્તરવહી જાહેર કરવા તેમજ સમગ્ર પરીક્ષાનું પુનઃમૂલ્યાંકન કરવાની માગ કરી છે

અમદાવાદ,તા.૧૯

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ (SEB) દ્વારા જાહેર કરવામાં આવેલા TAT-HS (ઉચ્ચતર માધ્યમિક) મુખ્ય પરીક્ષાના પરિણામને લઈને ઉમેદવારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. પરિણામમાં ગુણની ચકાસણી અને મૂલ્યાંકન પ્રક્રિયામાં ગેરરીતિ હોવાની આશંકા વ્યક્ત કરી ઉમેદવારોએ રાજ્યભરમાં વિરોધ શરૂ કર્યો છે. અમદાવાદ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ઉમેદવારોએ વહીવટીતંત્રને આવેદનપત્ર પાઠવી પેપર-૧ અને પેપર-૨ની ઉત્તરવહી જાહેર કરવા તેમજ સમગ્ર પરીક્ષાનું પુનઃમૂલ્યાંકન કરવાની માગ કરી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડે ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ TAT-HS મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. જોકે, પરિણામમાં અપેક્ષા કરતાં ઓછા ગુણ મળ્યાનો દાવો કરતા અનેક ઉમેદવારોએ મૂલ્યાંકન પ્રક્રિયા સામે સવાલો ઉઠાવ્યા છે. ઉમેદવારોના જણાવ્યા મુજબ, યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ, પીએચ.ડી. ધારકો અને ૧૫ વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોને પણ ૨૦૦માંથી માત્ર ૮૦થી ૧૧૦ જેટલા ગુણ મળ્યા છે.

આ સમગ્ર વિવાદમાં પરિણામના આંકડાઓ પણ ચર્ચાનો વિષય બન્યા છે. પ્રિલિમ પરીક્ષામાંથી ૫૦,૦૬૬ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. તેમાંથી ૪૭,૬૪૪ ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે ૨,૪૨૨ ગેરહાજર રહ્યા હતા.

જાહેર થયેલા પરિણામ મુજબ ૧૬,૮૮૭ ઉમેદવારો પાસ અને ૩૦,૭૫૪ ઉમેદવારો નાપાસ થયા છે. જોકે, હાજર ઉમેદવારોમાંથી નાપાસ ઉમેદવારોની સંખ્યા બાદ કરતાં પાસ ઉમેદવારોની સંખ્યા ૧૬,૮૯૦ થાય છે. આમ, બોર્ડના જાહેર કરેલા આંકડા અને ગણતરી વચ્ચે ૩ ઉમેદવારોનો તફાવત જોવા મળ્યો છે. ઉમેદવારોએ આ વિસંગતતા અંગે સ્પષ્ટતા માગી છે.

ઉમેદવારોએ પરીક્ષા બોર્ડ સમક્ષ અનેક માગણીઓ રજૂ કરી છે. જેમાં બંને પેપરના અલગ-અલગ ગુણ જાહેર કરવા, દરેક ઉમેદવારની ઉત્તરવહી ઉપલબ્ધ કરાવવા અને અધિકૃત આન્સર કી જાહેર કરવાની માગ મુખ્ય છે.

આ ઉપરાંત ઉમેદવારોના સીટ નંબર, કેટેગરી, વિષયવાર પરિણામ અને બંનેમાંથી એક જ પેપર

અનુસંધાન પાના ૬ ઉપર

ઉપસરપંચ સહિત પાંચ વ્યક્તિઓ સામે ફરિયાદ

લાઠીનાં અડતાલા ગામે પાણીની રજુઆત કરવા જતાં યુવક ઉપર હુમલો કરાયો

સ્થાનિક પોલીસે 3 આરોપીઓની અટકાયત કરી



અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાનાં અડતાળા ગામે નિશાળ પ્લોટ વિસ્તારમાં રહેતા અને હાલ સુરત રહેતા અને હીરાકામ કરતા અંકિતભાઈ છગનભાઈ સાવકીયા નામના ૨૯ વર્ષિય યુવક સહિતનાં ઘરે પાણી ન આવતુ ન હોય જેથી ગત તા. ૧૮નાં સાંજનાં છ વાગ્યે અડતાળા ગામના ઉપ સરપંચ જીતુભાઈ ભાયાભાઈ વાળાનાં ઘરે રજુઆત કરવા ગયેલ હતા. ત્યારે રજુઆત કરવા આવેલા લોકોને ગાળો આપવા લાગતા યુવકે ગાળો આપવાની ના પાડતા જીતુભાઈ અગાસી પરથી નીચે શેરીમાં હાથમાં લાકડાનો ધોકો તથા રીવોલ્વર લઈ આવતા આશીષભાઈ તથા તુષારભાઈ વીડીઓ ઉતારતા હતા ત્યારે વીડીઓ ઉતારવાની ના પાડી લાકડાનાં ધોકા વડે આશીષભાઈને લાકડાનાં ધોકા વડે ડાબા હાથનાં ખંભા પર એક ઘા મારી મુંઢ ઈજા કરેલ લાકડાનાં ધોકા વડે ડાબા અંગુઠા પાસે તથા ડાબા પગનાં સાથળ નાં પાછળનાં ભાગે તથા ડાબા પગનાં ગોઠણથી નીચેના ભાગમાં માર મારી મુંઢ ઈજા કરી તથા જીતુભાઈ વાળા સહિત ૫ ઈસમોએ ગેરકાયદે મંડળી રચી ઘાતક હથિયાર ધારણ કરી યુવકને કહેલ કે આજ તો તને મારી નાખવો છે તેમ કહી યુવક સામે ફાયરીંગ તથા જીવલેણ હુમલો કરવાના ઈરાદાથી રીવોલ્વર તાકી અને ફાયરીંગ કરવા જતા અન્ય લોકો આવી જતા આરોપીને અટકાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ બનાવમાં ત્રણ આરોપીઓને ઝડપી લઈ આગળની તપાસ હાથ ધરેલ છે.

અમરેલીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતાં

બાબરાનાં ખંભાળા ગામનાં યુવકને સગીરા પર દુષ્કર્મ કરવાનાં ગુન્હામાં ૨૦ વર્ષની સજા

ભોગ બનનારને ૪ લાખનું વળતર ચુકવવા આદેશ

અમરેલી, તા. ૧૯

બાબરા તાલુકાનાં ખંભાળા ગામના આરોપી વિશાલ હરેશભાઈ મેરને સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરવાનાંગુનામાંકોર્ટેરઢવર્ષનીસખત કેદ અને રૂા. ૧૫ હજારનાં દંડની સજા ફટકારી છે.

આબનાવનીવિગતોમુજબ બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતીએક ૧૪ વર્ષ ૮ મહિનાની તરૂણી સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા વિશાલ હરેશભાઈ મેરે ગત તા. ૨૮/૬/૨૫નાંરોજસગીરાનેલલચાવી–ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ બદકામ કરવાના ઈરાદે તેને તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેની સાથે વારંવાર શરીરસંબંધબાંધીદુષ્કર્મઆચર્યુંહોવાની ફરિયાદ પોલીસમથકમાં નોંધાઈ હતી.

આ ગંભીર કેસ અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી જતા

અનુસંધાન પાના ૬ ઉપર





ગુજરાત કોંગ્રેસનાં પ્રભારી રણદીપ સુરજેવાલાએ પત્રકાર પરિષદ સંબોધી

ગુજરાતનાં નાગરિકો આર્થિક ગુન્હેગારોને મળતા મોકળા મેદાનથી લૂંટાઇ રહ્યા છે

"SD PAY-અપના પે" મોબાઈલ એપ દ્વારા કરોડો રૂપિયાનાં ડિજિટલ પેમેન્ટ ફ્રોડ માટે સરકાર જવાબદાર

જીએસટી ચોરી અને સાયબર ફ્રોડમાં કરોડો રૂપિયાનાં કૌભાંડ છતાં સરકાર મૌન

રાજય અને કેન્દ્ર સરકારની કાર્યશૈલી સામે કોંગ્રેસ પક્ષ આક્રમક મિજાજમાં

વિપક્ષનાં આગેવાનો જે આક્ષેપો કરે છે તેનો જવાબ આપવો એ સત્તા પક્ષની જવાબદારી છે

અમદાવાદ, તા. ૧૯

રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારી, સાંસદ રણદિપસિંહ સુરજેવાલાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીની સંયુકત પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં ધવલ પટેલ અને અન્ય વ્યકિતઓ દ્વારા ઉત્તર ગુજરાતમાંથી "SD PAY – અપના પે" મોબાઈલ એપ્લિકેશનની શરૂઆત કરવામાં આવી હતી, જેના માધ્યમથી ગુજરાતની જનતાને લૂંટવાનું કાવતરૂં રચવામાં આવ્યું હતું.

"SD PAY – અપના પે" મોબાઈલ એપ્લિકેશનને ૧૫ લાખ લોકો દ્વારા ડાઉનલોડ કરવામાં આવી હતી અને સપ્ટેમ્બર ૨૦૨૬માં પીડિતો દ્વારા અમરેલી જિલ્લામાં એફઆઈઆર નોંધાવવામાં આવી ત્યાં સુધીમાં ૬,૫૨,૮૩૧ સામાન્ય વ્યકિતઓના બેંક ખાતામાંથી રૂા. ૧,૨૧૧ કરોડની છેતરપિંડી અને ગબન કરવામાં આવ્યું હતું. એવો અંદાજ છે કે જો સંપૂર્ણ તપાસ કરવામાં આવે તો આ છેતરપિંડીની રકમ રૂા. ૩,૦૦૦ કરોડથી પણ વધુ હોઈ શકે છે.

વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં આ ફ્રોડ ઉત્તર ગુજરાતમાં ફેલાયો અને વર્ષ ૨૦૨૫થી ધવલ પટેલ–નરેન્દ્ર સિંહ ઝાલા તથા તેમના સાથીઓ તેને ગાંધીનગર લઈ આવ્યા. ત્યારબાદ સમગ્ર ગુજરાત અને દેશમાં લૂંટનો આ સિલસિલો આગળ વધતો રહ્યો. લૂંટ કરવાની રીત એ જ જૂની હતી. સામાન્ય મહેનતકશ લોકોને પૈસા વધારવાની સ્કીમમાં લલચાવો અને તેમની આખી જિંદગીની કમાણી લૂંટી લો. ઉદાહરણ



તરીકે, કોલેજમાં ભણતા એક યુવકની શિક્ષક માતા પાસેથી ઘર વેચાવીને રૂા. ૯.૫ લાખ 'અપના પે'માં રોકાણ કરાવવામાં આવ્યા હતા.

આ જ રીતે, સુરેન્દ્રનગરના એક સામાન્ય વ્યકિતને છેતરીને તેના અને તેની ધર્મપત્નીના નામે રૂા. ૨૦–૨૦ લાખની લોન લેવડાવવામાં આવી તથા ઘરેણાં ગીરવે મૂકીને રૂા. ૨૦ લાખની બીજી લોન પણ લેવામાં આવી. આ રીતે કુલ રૂા. ૬૦ લાખ "SD PAY તથા અપના પે"માં રોકાણ કરાવવામાં આવ્યા. આજ સુધીમાં આ પ્રકારના ૬,૫૩,૦૦૦ સામાન્ય લોકો છે, જેમાંથી ૭૫ ટકા ગુજરાતના ભાઈ–બહેનો છે.

આશ્ચર્યની વાત એ પણ હતી કે "SD PAY – અપના પે" ચલાવનારા ફ્રોડ કરનારા લોકોનું જૂથ કયારેક પોતાને રાષ્ટ્રવાદી પ્રોજેકટ તરીકે રજૂ કરતું અને કયારેક એવું દર્શાવવાની કોશિષ કરતું કે "SD PAY – અપના પે"ને સરકાર સાથે સંબંધ છે. લૂંટની આ ખુલ્લી રમત વર્ષ ૨૦૨૪થી ચાલી રહી હતી અને ભૂપેન્દ્ર પટેલ સરકાર હોય કે મોદી સરકાર, બંને આંખો બંધ કરીને બેઠાં રહ્યાં.

પીડિતો દ્વારા અમરેલી, સુરેન્દ્રનગર, ગાંધીનગર તથા દેશના અલગ–અલગ વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૮ એફઆઈઆર નોંધાવવામાં આવી છે, જેમાંથી ૧૩ એફઆઈઆર ગુજરાતમાં છે.

૬,૫૩,૦૦૦ લોકોના રૂા. ૧,૨૧૧ કરોડ (જે એક અંદાજ મુજબ રૂા. ૩,૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે)ના પૈસાની લૂંટ થઈ હોવા છતાં મોદી સરકાર અને ભૂપેન્દ્ર પટેલ સરકારે મૌન સાધી રાખ્યું છે. જયારે ૬,૫૩,૦૦૦ પરિવારો દર–દરની ઠોકરો ખાઈ રહ્યા છે અને તેમની મહેનતની કમાણીનો કોઈ અતોપતો નથી.

છદ્મ રાષ્ટ્રવાદની આડમાં થયેલા "SD PAY – અપના પે" ફ્રોડ અંગે કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારોને જનતાના સીધા સવાલો :

(૧) જયારે ૩ વર્ષ સુધી ગુજરાતની જનતા અને દેશવાસીઓ સાથે ખુલ્લેઆમ આ ફ્રોડ થઈ રહ્યો હતો, ત્યારે કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારો શા માટે ઊંઘતી રહી ?

(૨) શું આ રીતે જનતા સાથે ફ્રોડ કરનારી મોબાઈલ એપ પર નજર રાખવાની અને તેની તપાસ કરવાની જવાબદારી મોદી સરકાર – ભૂપેન્દ્ર પટેલ સરકારની નહોતી ?, શું આ માટે નીચેની વ્યવસ્થાઓની જવાબદારી નહોતી ?

– રેગ્યુલેટરી ઓવરસાઈટ (નિયમનકારી દેખરેખ), બેંકિંગ સુપરવિઝન (બેંકિંગ દેખરેખ), ડિજિટલ પેમેન્ટ રેગ્યુલેશન / કંટ્રોલ, ઈન્વેસ્ટર પ્રોટેકશન (રોકાણકારોનું રક્ષણ), શંકાસ્પદ લેવડદેવડ પર નજર રાખવી અને તેની તપાસ કરવી.

(૩) "SD PAY – અપના પે" જેવી મોબાઈલ એપ ચલાવવા માટે આરબીઆઈ – કેન્દ્રની ભાજપ સરકાર પાસેથી લાઈસન્સ લેવું અનિવાર્ય છે. કેન્દ્રની ભાજપ સરકાર અને આરબીઆઈએ "SD PAY – અપના પે"ને લાઈસન્સ કેવી રીતે આપ્યું ? ગુજરાતની કઈ વ્યકિતની ભલામણ પર આ લાઈસન્સ આપવામાં આવ્યું ? અને ત્રણ વર્ષ સુધી આ ડિજિટલ એપ દ્વારા ગુજરાતમાં થઈ રહેલા ફ્રોડની માહિતી કેન્દ્રની ભાજપ સરકાર અને આરબીઆઈને કેમ ન મળી ?

(૪) જયારે "SD PAY – અપના પે" દ્વારા ઉત્તર ગુજરાત બાદ સમગ્ર ગુજરાત તથા દેશના અલગ–અલગ વિસ્તારોમાં આ ફ્રોડ થઈ રહ્યો હતો, ત્યારે મોદી સરકારની નેશનલ સાઈબર કાઈમ બ્યુરો – સીબીઆઈ – સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ – ઈડી – આઈડી વગેરે સંપૂર્ણપણે આંખો મીંચીને શા માટે બેઠાં હતાં ?

(૫) "SD PAY – અપના પે" ચલાવનારા અને લૂંટ કરનારા લોકો અમદાવાદમાં બેસીને સેમિનાર કરી રહ્યા હતા, પ્રમોશન કેમ્પેઈન ચલાવી રહ્યા હતા, ખૂબ મોટા માર્કેટિંગ કેમ્પેઈન ચલાવી રહ્યા હતા અને લોકોના પૈસા લૂંટી રહ્યા હતા, તો ગુજરાતની ભાજપ સરકારની નાકની નીચે આ ફ્રોડ થઈ રહ્યો હોવા છતાં તેની જાણ શા માટે ન થઈ ?

શું કોઈ મોટો વ્યકિત જનતા સાથે છેતરપિંડી કરનારી આ મોબાઈલ એપને સંરક્ષણ આપી રહ્યો હતો ?

(૬) શું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મોદી સરકાર જણાવશે કે ૬,૫૩,૦૦૦ લોકોના રૂા. ૧,૨૧૧ કરોડ કે તેનાથી વધુની રકમ, જે બેંકિંગ ચેનલોમાંથી ગાયબ થઈ ગઈ છે, તે પૈસા આખરે કયાં છે ?

શું આ પૈસા કોઈના બેંક ખાતામાં છે ? શું આ પૈસાથી ચલ કે અચલ સંપત્તિ, ગાડીઓ, રોકાણ, શેર વગેરે ખરીદવામાં આવ્યાં છે ? શું આ બધી સંપત્તિ જમ કરવામાં આવી છે ? શું મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી આ અંગે જવાબ આપશે ?

(૭) જયારે ગુજરાતમાં ૧૩ એફઆઈઆર નોંધાઈ છે અને બાકીની એફઆઈઆર દેશના અલગ–અલગ વિસ્તારોમાં નોંધાઈ છે, ત્યારે "SD PAY – અપના પે" મોબાઈલ એપ દ્વારા એકથી વધુ રાજયોમાં ગુનો થયો છે. આવી સ્થિતિમાં તપાસ માત્ર અમરેલી કે સુરેન્દ્રનગર પોલીસ કેવી રીતે કરી શકશે ?

શું ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે આ તપાસ સીબીઆઈને સોંપી ત્રણ મહિનામાં પૂર્ણ કરવી જોઈતી નહોતી ?

શું આ સમગ્ર મામલો મની લોન્ડરિંગનો નથી ? શું ઈડીએ મની લોન્ડરિંગ એકટ હેઠળ કેસ નોંધવો જોઈતો નહોતો ? શું સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ (એસએફઆઈઓ) દ્વારા કેસ નોંધવામાં આવવો જોઈતો નહોતો ?

શું ગુજરાત સરકારે જાણીજોઈને આ તમામ તથ્યો કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કર્યા નહોતા કે પછી કેન્દ્ર સરકારે જ કોઈ કારણોસર કાર્યવાહી કરી નહોતી ? શું કોઈ મોટો વ્યકિત "SD PAY – અપના પે"ના લૂંટારાઓને બચાવી રહ્યો નથી ?

(૮) શું ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે એવી કોઈ વ્યવસ્થા ઊભી કરી છે કે જેના દ્વારા ફ્રોડનો ભોગ બનેલા આ ૬,૫૩,૦૦૦ લોકોના દાવા એકત્રિત કરી શકાય ?

શું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અથવા કેન્દ્ર સરકારે આ તમામ પીડિતોના દાવા મેળવવા માટે કોઈ પોર્ટલ બનાવ્યું છે ? જો આવું કરવામાં આવ્યું નથી, તો શા માટે કરવામાં આવ્યું નથી ?

(૯) શું ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર એક વિશેષ ફંડ બનાવીને એ તમામ મહેનતકશ લોકોના પૈસા પાછા આપશે, જેમની પાસેથી "SD PAY – અપના પે" દ્વારા રૂા. ૧,૨૧૧ કરોડ કે તેનાથી વધુની લૂંટ કરવામાં આવી છે ?

શું ગુજરાતના લોકો અને દેશવાસીઓ પ્રત્યે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીની આ જવાબદારી નથી ?

(૧૦) શું ગુજરાત સરકાર અને કેન્દ્રની ભાજપ સરકાર ગુજરાત તથા દેશમાં ચાલી રહેલી આવી અન્ય મોબાઈલ એપ્લિકેશનોની તપાસ કરવાનો આદેશ આપશે, જેથી ભવિષ્યમાં લાખો–કરોડો લોકો સાથે આ પ્રકારની છેતરપિંડી અને લૂંટ ન થાય ?

આર્થિક ગુન્હેગારોને મોકળા મેદાનથી ગુજરાતના નાગરિકો લુંટાઈ રહ્યાં છે ત્યારે ભોગ બનેલા નાગરિકોને ન્યાય મળે તે અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, લોભામણી સ્કીમના નામે લોકોને વારંવાર લૂંટવામાં આવી રહ્યા છે. એક તરફ ડિજિટલ ટેકનોલોજીની વાત કરવામાં આવે. અમે ગૃહ વિભાગ દ્વારા સાયબર કાઈમને રોકવા માટે અનેક પગલાં લીધા છે એવી જાહેરાતો કરવામાં આવે. રાજયના ગૃહમંત્રી વારંવાર કોઈપણ ચમરબંધીને છોડવામાં નહીં આવે એવી રીલ્સો બનાવતા હોય. પણ આપણે ભૂતકાળમાં પણ જોયું છે કે જે આવા ફ્રોડ કરવાવાળા એ સાબરકાંઠાના જે બનાવો બન્યા અને એ વખતે રાજય સરકારના મંત્રીઓની સાથે એમનો કેટલો ઘરોબો હતો એ હકીકત તો આપણે બધાએ જોઈ છે. એ જ રીતે આ એસ.ડી.પે.માં જે પણ પરિવારો લૂંટાયા છે, જેને આજ દિન સુધી ન્યાય નથી મળ્યો, જેના માટે સરકાર આજે પણ ઊંઘે છે કાં તો ઢાંકપિછોડો કરે છે, સમર્થન કરે છે, એમના જે મળતિયાઓ છે એને બચાવે છે, એવા તમામ લોકો સામે સુરજેવાલાજીએ જણાવ્યું છે તેમ કોંગ્રેસ પક્ષ કોર્ટ રાહે પણ લડીશું. લોકોના ઘેર ઘેર જઈને એમનું જે દર્દ, પીડા અને તકલીફ છે એને પણ ઉજાગર કરીશું અને ભોગ બનેલા બધા જ પરિવારોને સાથે લઈ સરકાર સમક્ષ રજુઆત કરશું અને જો ન્યાય નહીં આપે, એના પૈસા પાછા નહીં અપાવે, તો એને ન્યાય માટેની તમામ લડત કોંગ્રેસ પક્ષ લડશે અને એના માટે આજે શરૂઆત થઈ છે. આવતા દિવસોમાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને જાણીતા એડવોકેટ ડો. અમીબેન યાજ્ઞિક એના માટેની કાયદાકીય પ્રક્રિયાઓમાં પણ આગળ વધશે અને કોંગ્રેસ પક્ષ પણ આવા પરિવારોને મળી અને રાજીવ ગાંધી ભવનમાં આમંત્રિત કરીને એમના જે તકલીફ છે અને એમની જે આ લૂંટ થઈ છે એમાંથી એમને ન્યાય મળે, એમના પૈસા પાછા મળે એવા તમામ પ્રયત્નો કરવામાં આવશે.

આજની વિશેષ પત્રકાર પરિષદમાં એ.આઈ.સી.સી.ના મંત્રી રામકિશન ઓઝા, સી.ઈ.સી. મેમ્બર ડો. અમીબેન યાજ્ઞિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા ડો. નિદત્ત બારોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

વિદ્યાર્થીઓને સપના સાકાર કરવાની તક આપતા

અમરેલીનાં ગજેરા કેમ્પસનાં હોકી ખેલાડીઓએ રાજય કક્ષાની સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી ગૌરવ વધાર્યું

ટ્રસ્ટીગણ અને સ્ટાફ પરિવારે શુભકામના પાઠવી

અમરેલી, તા. ૧૯

એસજીએફઆઈ રાજય કક્ષાની હોકી સ્પર્ધાનું આયોજન સાપુતારા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજયનાં અલગ–અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હોકી ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાનાં ડીએલએસએસ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીનાં મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ– વિદ્યાસભાનાં યુ–૧૯ ભાઈઓ હોકી ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને કાંસ્ય પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓ (૧) મોરી વિક્રમ, (૨) બારૈયા ગૌતમ, (૩) સોલંકી જયવીર, (૪) રાબડીયા રૂદ્ર, (૫) તારાપરા મીત, (૬) ભંડેરી રોનક, (૭) ડાંગર જીત, (૮) પરમાર શિવાંગ, (૯) અકબરી મનદીપ, (૧૦) તારાપરા યશ, (૧૧) રાઠોડ રાજન, (૧૨) સૈયદ આયન, (૧૩) સાંગા વ્રજ, (૧૪) સોલંકી વિરાજ, (૧૫) ધાનાણી વીરની ટીમએ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલનાં ડીએલએસએસ ખેલાડીઓએ આ



ગૌરવપૂર્ણ સિદ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ– વિદ્યાસભા સ્પોર્ટસ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. હોકી ટીમમાં ગજેરા કેમ્પસનાં પ્રતિભાશાળી ખેલાડીઓની જીત સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. રાજય કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય સ્તરે ઉજાગર કર્યું છે.

૧૯૫૯થી શિક્ષણ અને સંસ્કારની ગૌરવશાળી પરંપરા ધરાવતી વિદ્યાસભા દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની સાથે રમતગમત અને આત્મરક્ષાનાં ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓને નિષ્ણાંત માર્ગદર્શન અને સતત પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ સિદ્ધિ ખેલાડીઓની મહેનત, વાલીઓના સહયોગ અને કોચ દ્વારા આપવામાં આવતી સઘન તાલીમનું પરિણામ હોવાનું જણાવાયું છે.

આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તે બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડી ટીમ, તેમજ કોચ અક્ષયભાઈ સોની, રૂચિતભાઈ પટેલ અને ટ્રેનર સાર્થકભાઈ માલકીયા અને ટવીન્કલબેન ગજજરને અભિનંદન પાઠવ્યા હતા.

તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

અમરેલી જિલ્લામાં નવેમ્બર, ડિસેમ્બર, ધોરણ–૧૦ અને ૧૨ બોર્ડની જાહેર પરીક્ષાનાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક ટીમની રચના

અમરેલી, તા. ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર નવેમ્બર / ડિસેમ્બર–૨૦૨૬ની ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ) બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર પરીક્ષાર્થીઓના મનમાંથી પરીક્ષાનો હાઉ (ડર) દૂર થાય તેમજ તેમની મૂંઝવણનું નિરાકરણ અને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યો અને તજજ્ઞ શિક્ષકોની એક માર્ગદર્શક ટીમની રચના કરવામાં આવી છે.

આ માર્ગદર્શક ટીમમાં એલ.કે.બાબરીયા હાઈસ્કૂલ – હામાપુરના વિપુલભાઈ ભટ્ટ (મો. ૯૪૨૭૭૪૨૨૭૧), સુ.સા. હાઈસ્કૂલ – વડિયાના કિરીટભાઈ જોટવા (મો. ૯૮૯૮૪૬૭૯૯૯), પારેખ અને મહેતા હાઈસ્કૂલ – જાફરાબાદના વી.બી. અગ્રાવત (મો. ૯૪૨૬૯ ૮૫૭૩૫) અને સનરાઈઝ હાઈસ્કૂલ– સાવરકુંડલાના સોનલબેન મશરૂ (મો. ૯૪૨૮૪ ૪૧૯૨૫)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત જી.એન.દામાણી હાઈસ્કૂલ–ધારીના પી. ડી. પટાટ (મો. ૯૮૨૫૭ ૩૬૫૫૦), જનતા વિદ્યાલય–તાતણીયાના ધર્મેન્દ્રભાઈ કનાળા (મો. ૯૯૯૮૩ ૨૦૦૪૫), એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ–સલડીના અજયભાઈ માઢક (મો. ૭૬૦૦૦ ૨૦૬૦૦) અને સ.મા. શાળા–દેવકાના અનિલભાઈ પરમાર (મો. ૭૫૬૭૦ ૩૧૩૩૩) પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડશે.

આ માર્ગદર્શક ટીમ તા. ૨૧/૧૧/૨૦૨૬ થી તા. ૦૬/૧૨/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૧ થી સાંજે ૬ કલાક દરમિયાન કાર્યરત રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારી, અમરેલી દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેવાનો મહત્તમ લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

ભૂરખીયા હનુમાનજી મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભૂરખીયા, તા.૧૯

સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સંયુકત ઉપકમે અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી યોજાઈ ગયેલ વિના મૂલ્યે ૧૦૪ મા નેત્ર નિદાન કેમ્પમાં ડો.કાનન સેદાણીએ ૧૩૦ દર્દીઓની આંખની તપાસ કરી હતી. જે પૈકી ૪૩ દર્દીઓને મોતીયોના અને ૪ દર્દીઓને વેલના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ છે.જયારે ૩૧ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી અપાશે.આ કેમ્પથી આંખના દર્દીઓ માટે ખૂબજ રાહત થતાં આયોજકોનો આભાર માનવામાં આવેલ.

અમરેલીનાં સ્વ. પુરૂષોતમભાઈ જાની પરિવારનાં આંગણે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનુ આયોજન



અમરેલીનાં દાદા ભગવાન મંદિર ખાતે સ્વ. પુરૂષોતમભાઈ જાની પરિવાર દ્વારા ૧૪–નવેમ્બર થી ૨૦–નવેમ્બર સુધી શાસ્ત્રી અંકુરભાઈ રાવળનાં વ્યાસાસાને શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ બહોળી સંખ્યમાં ભાવિકજનો લઈ રહયા છે. શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા સહિતના જનપ્રતીનીધિઓએ પણ લાભ લીધો હતો.

શાળાઓમાં શિક્ષકોની અને હોસ્પિટલમાં ડોકટરની જગ્યા ખાલી પણ

લોકસભામાં સાંસદ અને વિધાનસભામાં ધારાસભ્યની જગ્યા ખાલી રહેતી નથી

સાંસદ અને ધારાસભ્યની ખાલી જગ્યા ૬ મહિનામાં ભરી દેવામાં આવે

શિક્ષક, પ્રોફેસર કે ડોકટરની જગ્યા વર્ષોથી ખાલી જ રહી જાય છે

જનતા જનાર્દન જાગૃત નહી બને ત્યાં સુધી સરકાર ગંભીરતા દાખવશે નહી

કોઈપણ પક્ષનાં અંધભકત બનવાને બદલે સૌ પોતાનાં હિતનાં ભકત બને તો જ સમસ્યા દૂર થશે

અમરેલી, તા. ૧૯

ભારત દેશમાં લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરી હોવાને બદલે લોકોનાં પ્રતિનિધિઓ સર્વોપરી બની ગયા હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. કારણ કે દેશમાં લોકોની હાલત અતિ દયનીય બની રહી છે. મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારે આજે કરોડો નાગરિકોનું જીવન જોખમમાં મુકી દીધું છે.

દેશમાં સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે છેલ્લા થોડા વર્ષોમાં દેશમાં એક લાખ જેટલી શાળાઓને તાળા મારી દેવાયા, સરકારી શાળાઓ જે કાર્યરત છે તેમાં શિક્ષકો, ઓરડાઓ, સરકારી દવાખાનામાં તબીબો અને કોલેજોમાં પ્રોફેસરની જગ્યા ખાલી છે. સરકારી કચેરીઓમાં પણ વર્ગ-૪થી લઈને વર્ગ-૧ સુધીનાં કર્મચારીઓની લાખો જગ્યા ખાલી જોવા મળી રહી છે.

પરંતુ, દેશની વિધાનસભાઓ, લોકસભા કે રાજયસભા કે પછી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ખાલી બેઠકો ખાલી થાય તો ૬ મહિનામાં ભરી દેવામાં આવે અને સરકારી વિભાગોમાં અનેક જગ્યાઓ વર્ષો સુધી ખાલી જ જોવા મળતાં લોકોનાં શિક્ષણ, આરોગ્ય કે અન્ય રોજબરોજનાં કાર્યો ટલ્લે ચડી રહ્યા છે.

દેશવાસીઓએ કોંગ્રેસનાં શાસનથી કંટાળીને દેશનું સુકાન ભાજપને સોંપી દીધાને ૧૨ વર્ષ પસાર થઈ ગયા છતાં વિવિધ સમસ્યા ઘટવાને બદલે વધી રહી હોય તેવું સૌ કોઈ માની રહ્યું છે.

ભવિષ્યની પેઢીનું સ્વાસ્થય બચાવવા

અમરેલી : એન્ટિબાયોટિકસનો બિનજરૂરી ઉપયોગ ટાળવો જોઈએ

ડોકટરની સલાહ વગર દવા લેવાનું ટાળો

અમરેલી, તા. ૧૯

આજના સમયમાં સામાન્ય તાવ, શરદી કે ઉધરસ થતાં જ ડોકટરની સલાહ વગર મેડિકલ સ્ટોરમાંથી સીધી એન્ટિબાયોટિક દવાઓ લેવાનું ચલણ ખૂબ વધી ગયું છે. પરંતુ દવાઓનો આ આડેધડ ઉપયોગ ''એન્ટીમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ'' નામની ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાને જન્મ આપી રહ્યો છે, જે સમગ્ર વિશ્વ અને આપણા સમાજ માટે મોટો ખતરો બની રહી છે. જયારે બેકટેરિયા, વાયરસ કે ફૂગ જેવા સૂક્ષ્મજીવો પોતાની અંદર એવો બદલાવ લાવે છે કે તેમના પર એન્ટિબાયોટિક દવાઓની અસર થતી બંધ થઈ જાય, ત્યારે તેને અખછ એટલે કે દવા પ્રતિકારક ક્ષમતા કહેવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, રોગનાં જંતુઓ દવા સામે લડવા માટે વધુ શકિતશાળી બની જાય છે, જેના કારણે સામાન્ય ચેપ (ઈન્ફેકશન) પણ જીવલેણ સાબિત થઈ શકે છે.

આ ગંભીર સમસ્યાને રોકવા માટે જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવે છે કે ડોકટરનાં પ્રિસ્ક્રિપ્શન વગર કયારેય એન્ટિબાયોટિક દવા ન લેવી અને તબિયત સારી થઈ જાય તો પણ ડોકટરે સૂચવેલો દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો, નહીંતર રોગનાં જંતુઓ વધુ મજબૂત બની શકે છે. આ ઉપરાંત, તમારી બચેલી એન્ટિબાયોટિકસ પરિવારનાં અન્ય સભ્યો કે મિત્રોને આપવાનું ટાળવું જોઈએ અને ચેપ લાગતો અટકાવવા માટે નિયમિત હાથ ધોવાની ટેવ રાખવી, સ્વચ્છ પાણી પીવું તથા જરૂરી રસીકરણ કરાવવું અત્યંત આવશ્યક છે. એન્ટિબાયોટિકસ આપણા જીવનરક્ષક હથિયારો છે, જેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીને આપણે તેને ભવિષ્ય માટે અસરકારક રાખી શકીએ છીએ; તેથી જાગૃત નાગરિક બનીને ડોકટરની સલાહ વગર એન્ટિબાયોટિકસ લેવાનું ટાળવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં ૨૫ નવેમ્બરે સીનિયર સિટીઝન રમતોત્સવ યોજાશે

અમરેલી, તા. ૧૯

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજયના ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો માટે સિનિયર સિટીઝન રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ અંતર્ગત એથ્લેટિકસ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સા ખેંચ અને ટેનિસ, બાલ ક્રિકેટ સહિતની સાત રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાઓનું અમરેલી જિલ્લામાં પણ સ્થાનિક કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ કલાકથી સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ હોસ્પિટલ પાસે, અમરેલી ખાતે સ્પર્ધાઓ યોજાશે.

આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઈચ્છુક અમરેલી જિલ્લાના સિનિયર સિટીઝન ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી ખાતે સંપર્ક કરવા અથવા ફોન નંબર ૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા રમતગમત અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ખેલ મહાકુંભ અંતર્ગત વોલીબોલ સ્પર્ધાની તારીખ અને સ્થળમાં ફેરફાર

અમરેલી, તા. ૧૯

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયની સાથે અમરેલી જિલ્લામાં પણ 'ખેલ મહાકુંભ - ૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે.આ સ્પર્ધા અંતર્ગત આકસ્મિક કારણોસર વોલીબોલ રમતની તારીખ અને સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નવા સમય પત્રક મુજબ, તમામ વયજૂથ માટે વોલીબોલ (બહેનો)ની સ્પર્ધા આગામી તા. ૨૯/૧૧/૨૦૨૬ના રોજ અને વોલીબોલ (ભાઈઓ)ની સ્પર્ધા તા. ૩૦/૧૧/૨૦૨૬ના રોજ યોજાશે. આ બંને સ્પર્ધાઓ સવારે ૮ કલાકે 'શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ, બગસરા' ખાતે યોજવામાં આવશે.

આ સ્પર્ધા અંગે વધુ વિગતો કે માર્ગદર્શન માટે કન્વીનર મનોજભાઈ મહીડા (મો. ૯૫૩૭૭૩૦૩૨૧) અથવા મનીષભાઈ કુકવાવા (મો. ૯૪૨૭૯ ૦૫૮૪૬) નો સંપર્ક કરવાનો રહેશે. જિલ્લા રમત ગમત અધિકારી (ઈન્ચાર્જ), જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,અમરેલી દ્વારા તમામ સંબંધિત ખેલાડીઓ અને શાળાઓને આ ફેરફારની ખાસ નોંધ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૩૪૦ ૧૨૮૨૭

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ-૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી-અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Jaydeep Rayththa Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
• આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૮૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ
ફરસાણ
(ઘારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

YAMAHA
We call it The BLUE
My Style My Vibe
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

FICCIના મંચ પરથી PM મોદીએ ગણાવી સરકારની સિદ્ધિઓ

ગાળો આપવાથી દેશનો વિકાસ નહીં થાય : વડાપ્રધાન મોદી

FICCIના શતાબ્દી સંમેલનમાં ભારતની આર્થિક પ્રગતિનો ઉલ્લેખ; ૧૨-૧૩ વર્ષમાં ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનો વડાપ્રધાનનો દાવો

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ FICCIના શતાબ્દી સંમેલનને સંબોધિત કરતાં દેશની આર્થિક પ્રગતિ, ગરીબી નાબૂદી અને ઔદ્યોગિક વિકાસ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ દરમિયાન તેમણે રાજકીય વિરોધીઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, સવાર-સાંજ માત્ર ગાળો આપવાથી દેશનો વિકાસ થતો નથી. દેશને આગળ લઈ જવા માટે સકારાત્મક વિચારધારા, યોગ્ય નીતિ અને સંકલ્પબદ્ધ પ્રયાસોની જરૂર છે.વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. દેશનો આર્થિક વિકાસ દર આશરે ૭ટકા રહેવાનો અંદાજ છે. ભારતની આર્થિક પ્રગતિને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા મળી રહી છે. મૂડીઝ, S&P ગ્લોબલ રેટિંગ્સ, ફિચ રેટિંગ્સ, વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓ ભારતના આર્થિક વિકાસ અંગે સકારાત્મક અંદાજ વ્યક્ત કરી રહી છે.

દેશની આર્થિક સ્થિતિ અંગે વાત કરતાં વડાપ્રધાને ઓક્ટોબર મહિનાના નિકાસના આંકડાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં ભારતની ગુડ્સ એક્સપોર્ટ લગભગ ૫૦ અબજ ડોલર સુધી પહોંચી હતી, જે એક મહિનાની નિકાસનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમના મતે, ભારતની આર્થિક મજબૂતી પાછળ યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગ જગતના લોકોના સંયુક્ત પ્રયાસો જવાબદાર છે. ગરીબી નાબૂદી અંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે ૧૯૭૦ના દાયકામાં દેશમાં ગરીબી હટાવોનો નારો આપવામાં આવ્યો હતો. તે સમયે દેશની વસ્તી આશરે ૫૦ કરોડ હતી. જોકે, યોગ્ય નીતિ અને મજબૂત ઈરાદાના અભાવે ગરીબી દૂર કરવાના પ્રયાસોને અપેક્ષિત સફળતા મળી નહોતી.

વડાપ્રધાને દાવો કર્યો હતો કે તેમની સરકારના છેલ્લા ૧૨થી ૧૩ વર્ષના પ્રયાસોને કારણે દેશના આશરે ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં આ સિદ્ધિને દેશની વિકાસયાત્રાનું મહત્વપૂર્ણ પરિણામ ગણાવ્યું હતું. ભારતીય અર્થવ્યવસ્થાના છેલ્લા ૧૦૦ વર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે દેશે લાઈસન્સ-ક્વોટા રાજ, રાષ્ટ્રીયકરણના પ્રયોગો અને એક સમયે ફેજાઈલ ફાઈવ અથ ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. જોકે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશે આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન અનુભવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગકારોની ભાગીદારીથી ભારત નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે. FICCIની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે વડાપ્રધાને સંસ્થાની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ સંસ્થા ૧૦૦ વર્ષ સુધી સક્રિય રહીને સમયની સાથે બદલાતી રહે તે પોતાનામાં મોટી સિદ્ધિ છે. FICCIએ ભારતીય ઉદ્યોગ જગતની અનેક સફળતાઓ અને પરિવર્તનો જોયાં છે. હવે આગામી ૨૦ વર્ષમાં ભારતીય ઉદ્યોગ કઈ નવી ઊંચાઈઓ હાંસલ કરી શકે તે દિશામાં વિચારવાનો સમય આવી ગયો છે. વડાપ્રધાને ઉદ્યોગ જગતને નવી તકોનો લાભ લેવા, નવીનતા અપનાવવા અને ભારતને વૈશ્વિક આર્થિક શક્તિ બનાવવામાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. વડાપ્રધાને નક્સલવાદના મુદ્દે પણ મંત્રીઓ અને અધિકારીઓને સાવચેત રહેવા જણાવ્યું હતું. નક્સલવાદ સામે અત્યાર સુધી થયેલી કામગીરી બાદ પણ બેદરકારી દાખવવી નહીં અને આ સમસ્યા ફરી માથું ન ઊંચકે તે માટે સતત તકેદારી રાખવી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ બેઠકમાં દેશની આર્થિક સ્થિતિ, ગરીબી નાબૂદી, સામાજિક સુરક્ષા, યુવાનોનું ભવિષ્ય અને આંતરિક સુરક્ષા જેવા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વડાપ્રધાનનો મુખ્ય સંદેશ એ રહ્યો કે દેશની પ્રગતિ માત્ર આર્થિક વિકાસથી નહીં, પરંતુ નાગરિકોમાં બચત, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાથી પણ શક્ય બનશે.

વેપારીઓ અને ગ્રાહકોને મોટી રાહત મળવાની શક્યતા

UPI MDR ચાર્જ ૨૦૨૭ની ચૂંટણી બાદ સુધી ટળી શકે છે

MDR ચાર્જ અંગે હજુ તારીખ નક્કી નહીં; પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીને જોતા નિર્ણય ટળવાની ચર્ચા

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં ડિજિટલ ચુકવણીના માધ્યમ તરીકે UPIનો વ્યાપ સતત વધી રહ્યો છે, ત્યારે રૂ. ૨,૦૦૦થી વધુના કેટલાક મર્ચંટ ટ્રાન્ઝેક્શન પર લાગૂ થનારો મર્ચંટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ચાર્જ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી બાદ સુધી ટાળી શકાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગામી વર્ષે ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર એમ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની હોવાથી વેપારીઓ અને વ્યાપાર સંઘોના સંભવિત વિરોધને ટાળવા માટે સરકાર આ નિર્ણય મુલતવી રાખવા પર વિચાર કરી શકે છે.અહેવાલો મુજબ, રેગુલેટરી અને ઓપરેશનલ સ્તર પર મોટાભાગની તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે, પરંતુ સરકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) વચ્ચે ચાર્જ લાગૂ કરવાની અંતિમ તારીખ અંગે હજુ સુધી સહમતિ બની શકી નથી. ઈન્ડસ્ટ્રીના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો સમયસર સહમતિ ન સધાય તો ઉત્તર પ્રદેશની ચૂંટણી બાદ સુધી આ ચાર્જ લાગૂ કરવાનું ટાળી શકાય છે, જોકે કેટલાક અધિકારીઓ આને સૌથી ખરાબ સ્થિતિ ગણાવી રહ્યા છે અને યોગ્ય સમયે ચાર્જ લાગૂ થવાની સંભાવના પણ વ્યક્ત કરી રહ્યા છે.આ અગાઉ પણ પ્રસ્તાવિત UPI MDR ચાર્જને ૧૫ ઓક્ટોબર ૨૦૨૬થી લાગૂ કરવાનું નક્કી કરાયું હતું, પરંતુ તહેવારોની સિઝન, ઓપરેશનલ પડકારો અને વેપારીઓના વિરોધને ધ્યાનમાં રાખીને તેને દિવાળી બાદ સુધી મોકૂફ રખાયું હતું. સપ્ટેમ્બરમાં રજૂ કરાયેલા મૂળ પ્રસ્તાવ હેઠળ રૂ. ૨,૦૦૦થી વધુના ચોક્કસ પર્સન-ટૂ-મર્ચંટ (P2M) UPI ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા MDR લાગૂ કરવાની જોગવાઈ હતી, જ્યારે રૂ. ૭૫,૦૦૦ કે તેથી વધુના વ્યવહાર પર પ્રતિ ટ્રાન્ઝેક્શન મહત્તમ રૂ. ૩૦૦ની મર્યાદા નક્કી કરાઈ હતી.બીજી તરફ, પર્સન-ટૂ-પર્સન (P2P) ટ્રાન્સફર, રૂ. ૨,૦૦૦ સુધીના મર્ચંટ પેમેન્ટ તેમજ UPI QR કોડ દ્વારા માસિક રૂ. ૧ લાખ સુધીની આવક ધરાવતા નાના વેપારીઓને આ ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી હતી. અગાઉ વેપાર સંગઠનોએ ૨ ઓક્ટોબરે નો UPI રેનું આહ્વાન કર્યું હતું, પરંતુ નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથેની ચર્ચા બાદ વિરોધ પાછો ખેંચાયો હતો. સરકારના મતે સ્વૈચ્છિક એ પ્રોસેસિંગ ફી છે, જે વેપારીઓએ પોતે ભોગવવી જોઈએ અને તેનો બોજ ગ્રાહકો પર ન આવવો જોઈએ.

વિશ્વના ધાર્મિક સમીકરણોમાં મોટો બદલાવ

૨૦૩૫ સુધીમાં ઇસ્લામ બનશે વિશ્વનો સૌથી મોટો ધર્મ

2070 સુધીમાં ભારતમાં હિન્દુ વસ્તી ૭૬% અને મુસ્લિમ ૨૦% રહેવાનો પ્યુ રિસર્ચ સેન્ટનો અંદાજ

નવી દિલ્હી, તા.૧૯

પ્યુ રિસર્ચ સેન્ટરના વૈશ્વિક અભ્યાસમાં ચોંકાવનારા તારણો; ભારત અને નેપાળ જ હિન્દુ બહુમતીવાળા દેશો તરીકે જળવાઈ રહેશે, જ્યારે પાકિસ્તાન વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ બનશે અને અમેરિકામાં ખ્રિસ્તી બહુમતી ઘટશે.

આગામી દાયકાઓમાં વૈશ્વિક ધાર્મિક વસ્તીના માળખામાં મોટા પાયે ફેરફાર થવાના સંકેતો મળી રહ્યા છે. પ્યુ રિસર્ચ સેન્ટર (Pew Research Center) દ્વારા જારી કરવામાં આવેલા એક વિસ્તૃત અભ્યાસ અહેવાલ મુજબ, જો વર્તમાન જનસંખ્યાકીય વલણો યથાવત રહેશે તો વર્ષ ૨૦૩૫ સુધીમાં ઈસ્લામ ધર્મ ખ્રિસ્તી ધર્મને પાછળ છોડીને સમગ્ર વિશ્વમાં સૌથી વધુ અનુયાયીઓ ધરાવતો ટોચનો ધર્મ બની જશે.

અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૭૦ સુધીમાં વિશ્વભરમાં મુસ્લિમ સમુદાયની વસ્તી ૩.૧ અબજથી પણ વધુ થવાની સંભાવના છે, જ્યારે ખ્રિસ્તીઓની વસ્તી ૩ અબજથી થોડી ઓછી રહેશે. આ સમયગાળા દરમિયાન અમેરિકા પણ ખ્રિસ્તી બહુમતીવાળો દેશ નહીં રહે તેવું અનુમાન વ્યક્ત કરાયું છે.

ભારતના સંદર્ભમાં આ સ્ટડીમાં મહત્ત્વપૂર્ણ તારણો રજૂ કરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, ભારતમાં આવનારા દાયકાઓ સુધી હિન્દુઓની સ્પષ્ટ બહુમતી યથાવત રહેશે, પરંતુ દેશના ધાર્મિક વસ્તી-ગણિતમાં ધીમે ધીમે પરિવર્તન જોવા મળશે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૭૦ દરમિયાન ભારતમાં હિન્દુઓની કુલ સંખ્યામાં ૧૭.૬ કરોડનો વધારો થશે, તેમ છતાં અન્ય સમુદાયોની સરખામણીએ વૃદ્ધિ દર ધીમો હોવાથી કુલ વસ્તીમાં હિન્દુઓની ભાગીદારી ૭૯ ટકાથી ઘટીને ૭૬ ટકા થવાનો અંદાજ છે. બીજી તરફ, દેશમાં મુસ્લિમ વસ્તીનો હિસ્સો ૧૫ ટકાથી વધીને ૨૦ ટકા સુધી પહોંચી શકે છે.

નિષ્ણાતોના મતે ભારતમાં કુલ પ્રજનન દર (ફર્ટિલિટી રેટ)માં ઝડપી ઘટાડો નોંધાયો હોવા છતાં, હિન્દુ મહિલાઓની સરખામણીએ મુસ્લિમ મહિલાઓમાં બાળકોની સંખ્યા વધુ હોવાથી આ તફાવત જોવા મળી રહ્યો છે.

વૈશ્વિક સ્તરે હિન્દુ વસ્તીની સ્થિતિ પર નજર કરીએ તો, ૬ વર્ષ પૂર્વે વિશ્વમાં ૧૦૦ કરોડથી વધુ હિન્દુઓ હતા, જેમાંથી ૬.૫ કરોડ હિન્દુઓ ભારત બહાર મુખ્યત્વે બાંગ્લાદેશ અને નેપાળમાં વસવાટ કરતા હતા. વર્ષ ૨૦૨૦થી ૨૦૭૦ વચ્ચે વૈશ્વિક સ્તરે હિન્દુઓની સંખ્યામાં ૧૯.૯ કરોડનો વધારો થઈને કુલ આંકડો લગભગ ૧.૪ અબજ સુધી પહોંચશે. જોકે, વિશ્વની કુલ જનસંખ્યામાં હિન્દુઓનો હિસ્સો વર્ષ ૨૦૨૦ના ૧૫ ટકાની સામે ઘટીને ૨૦૭૦માં ૧૪ ટકા રહી જશે. ભારત બહાર હિન્દુ વસ્તીમાં સૌથી વધુ વધારો પાકિસ્તાનમાં ૫૦ લાખ અને અમેરિકામાં ૪૦ લાખ જેટલો થવાની શક્યતા છે, જેના પગલે હિન્દુઓની સંખ્યાની દૃષ્ટિએ અમેરિકા વિશ્વમાં પાંચમા ક્રમે પહોંચશે.આ રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૭૦ સુધીમાં સમગ્ર વિશ્વમાં માત્ર ભારત અને નેપાળ જ એવા બે દેશો રહેશે જ્યાં હિન્દુઓ બહુમતીમાં હશે. સુરીનામ, ફિજી અને મોરેશિયસ જેવા દેશોમાં હિન્દુ વસ્તીના હિસ્સામાં ૫ ટકા અંક કે તેથી વધુનો ઘટાડો નોંધાઈ શકે છે. સાથોસાથ, મુસ્લિમ વસ્તીમાં થઈ રહેલા સતત વધારાને કારણે વર્ષ ૨૦૭૦ સુધીમાં પાકિસ્તાન વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ બની જશે અને ઈસ્લામ દુનિયાનો સૌથી વધુ ફેલાયેલો ધર્મ બની રહેશે.

મહારાષ્ટ્રમાં નવી વેતન નીતિ લાગુ

અઠવાડિયામાં ૪૮ કલાક કામ, સાપ્તાહિક રજા અને ઓવરટાઇમના બમણા દરે મળશે વેતન

સરકારી ગેઝેટમાં પ્રકાશન સાથે નવા નિયમો અમલમાં; મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર સુધારાની જોગવાઈ

મુંબઈ, તા. ૧૯

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકોમાં ૮મા પગાર પંચ અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે મહારાષ્ટ્ર સરકારે કર્મચારીઓના વેતન, ભથ્થા અને કામના કલાકો સંબંધિત નવી વેતન નીતિ લાગુ કરી દીધી છે. રાજ્ય સરકારે ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આ અંગે જાહેરનામું બહાર પાડ્યું હતું અને સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયાની તારીખથી આ નિયમો સમગ્ર મહારાષ્ટ્રમાં અમલી બન્યા છે. રાજ્યના શ્રમ મંત્રી આકાશ ફુંડકરે બુધવારે આ માહિતી આપી હતી. આ નવા નિયમો રાજ્યના ૧૯૬૬ના લઘુત્તમ વેતન નિયમો અને વેતન ચુકવણી નિયમોનું સ્થાન લેશે, જોકે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે લઘુત્તમ વેતન નક્કી કરવાના કિસ્સામાં તે લાગુ પડશે નહીં.

નવા નિયમો અનુસાર, કંપનીઓએ કર્મચારીઓને પગારની સ્લિપ આપવી ફરજિયાત કરવામાં આવી છે તેમજ પગારમાંથી થતી કપાત સહિતના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરાયા છે. કામના કલાકોની વાત કરીએ તો દૈનિક ધોરણે વેતન મેળવતા કર્મચારીઓ માટે દરરોજ ૮ કલાકનો સમયગાળો નક્કી કરાયો છે, જ્યારે અન્ય પદ્ધતિઓથી વેતન મેળવતા કર્મચારીઓ પાસે અઠવાડિયામાં ૪૮ કલાકથી વધુ કામ કરાવી શકાશે નહીં. દરેક કર્મચારીને અઠવાડિયામાં એક દિવસની ફરજિયાત સાપ્તાહિક રજા મેળવવાનો અધિકાર રહેશે. જો કોઈ કર્મચારીને નિર્ધારિત રજાના દિવસે કામ કરાવવામાં આવે, તો તેના બદલામાં અન્ય દિવસે રજા આપવી જરૂરી રહેશે અને તે દિવસના કામ માટે સામાન્ય વેતન દર કરતાં ઓછામાં ઓછું બમણું વળતર ચૂકવવું પડશે, જેમાં બેઝિક વેતન અને મોંઘવારી ભથ્થાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર સરકાર હવે દૈનિક ધોરણે લઘુત્તમ વેતન દરો નક્કી કરશે. તે મુજબ, દૈનિક વેતનને ૮ વડે ભાગીને કલાક દીઠ વેતન અને ૨૬ વડે ગુણીને માસિક વેતન નક્કી કરાશે. મોંઘવારી ભથ્થા (DA)માં વર્ષમાં બે વાર—૧લી એપ્રિલ અને ૧લી ઓક્ટોબર પહેલાં—લેબર બ્યુરો દ્વારા જાહેર થતા ઔદ્યોગિક કામદારો માટેના ગ્રાહક ભાવ સૂચકાંક (CPI-IW)ની સરેરાશના આધારે સુધારો કરવામાં આવશે.

સામાન્ય ટેસ્ટમાં પકડવું મુશ્કેલ

સસ્તા સોનાની લાલચમાં સાવધાન : બજારમાં ચીની પાઉડરથી ભેળસેળનો નવો ખેલ

લગ્નગાળા પૂર્વે સોનામાં ભારે ધાતુઓ ભેળવી વજન વધારવાના કૌભાંડનો ખુલાસો; ગ્રાહકોને આધુનિક તપાસ પર ભાર મૂકવા સૂચન

નવી દિલ્હી, તા.૧૯

વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ઘરઆંગણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાનો માહોલ છે અને દેવઉઠી એકાદશી બાદ શુભકાર્યો તથા લગ્નગાળાની શરૂઆત થવા જઈ રહી છે. આવા સમયે સસ્તા સોનાની ખરીદી કરતા ગ્રાહકો માટે ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. બજારમાં સોનામાં ભેળસેળનો એક એવો ખેલ ચાલી રહ્યો છે કે જેને પકડવામાં ભારે મુશ્કેલી પડે છે. સોનામાં ભારે ધાતુઓનો બારીક પાઉડર ભેળવીને તેનું વજન વધારવામાં આવે છે, જેને બજારમાં ગોલ્ડ પાઉડર કે ચીની પાઉડર તરીકે ઓળખવામાં આવે છે. આ પાઉડર સોનામાં ભેળવ્યા બાદ એવી રીતે ભળી જાય છે કે સોનું એકદમ અસલી જ દેખાય, પરંતુ તેની વાસ્તવિક શુદ્ધતા ઘટી જાય છે.

ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના રાજસ્થાન પ્રદેશ અધ્યક્ષ નવીન સોનીએ જણાવ્યું છે કે આ પ્રકારની ભેળસેળ મોટો પડકાર બની રહી છે. સામાન્ય એસિડ ટેસ્ટ અને કસોટી પર તપાસ કરવાથી પણ આ ભેળસેળ વિશે જાણી શકાતું નથી. જ્યારે દાગીના બનાવવા માટે સોનાને ગાળવામાં આવે અને પ્રોસેસ કરવામાં આવે ત્યારે વાસ્તવિક સોનાનું પ્રમાણ ઓછું નીકળે ત્યારે આ હકીકત સામે આવે છે. નવીન સોનીએ સોનામાં થઈ રહેલી આવી ભેળસેળ સામે ભારત સરકારને કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

શરાફા કારોબારના જાણકારોના જણાવ્યા અનુસાર, બજારમાં ચીની પાઉડર વેચનારા દલાલો સક્રિય છે અને આ પાઉડર અલગ-અલગ ક્વોલિટીમાં મળે છે. સામાન્ય એસિડ ટેસ્ટ, કસોટી અને જૂની કેરેટ તપાસ મશીનોથી તેની ઓળખ કરવી અત્યંત મુશ્કેલ છે. એટલું જ નહીં, આવા ભેળસેળિયા સોના અંગે ફરિયાદો પણ સામે આવી છે, જેના કારણે ગ્રાહકો માટે અસલી અને ભેળસેળવાળા સોના વચ્ચે તફાવત પારખવો મોટો પડકાર બની શકે છે.

શરાફા વેપારીઓ અનુસાર, છેલ્લા બે-ત્રણ વર્ષથી સોનામાં રૂથેનિયમ અને ઈરિડિયમ જેવી ભારે ધાતુઓની ભેળસેળની ફરિયાદો મળી રહી છે. આ ધાતુઓનું ઘનત્વ સોના કરતાં વધુ હોવાથી તેની હાજરીથી વજન વધી જાય છે, જ્યારે સોનાનું ખરું પ્રમાણ ઓછું રહે છે. જાણકારો મુજબ, આ કથિત ગોલ્ડ પાઉડર મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના માર્ગે બજારો સુધી પહોંચી રહ્યો છે અને તેને ચીનમાં તૈયાર કરાતો હોવાની આશંકા છે. તેનો ભાવ સોનાના ભાવની સરખામણીએ લગભગ ૧૦ ટકા જેટલો હોવાનું કહેવાય છે.

વિશેષજ્ઞોના મતે, આ પ્રકારની ભેળસેળ પકડવા માટે એક્સ-રે (X-Ray) કે ઈલેક્ટ્રોન જેવી આધુનિક તપાસ ટેકનોલોજીની મદદ લઈ શકાય છે. લગ્નગાળામાં સોનાની ખરીદી કરતી વખતે માત્ર ચમક, વજન, કસોટી કે સામાન્ય તપાસ પર આધાર રાખવો પૂરતો નથી. ગ્રાહકોએ વિશ્વસનીય જ્વેલર પાસેથી જ ખરીદી કરવી, હોલમાર્કની સત્તાવાર રીતે ખાતરી કરવી અને શંકા જણાય તો માન્યતા પ્રાપ્ત લેબમાં વિસ્તૃત તપાસ કરાવવી જોઈએ.

શેરબજારમાં દિવાળી જેવી તેજી

સેન્સેક્સ ૯૯૦ પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૫,૫૦૦ને પાર થયો

ઓટો અને બેન્કિંગ શેરોમાં જોરદાર ખરીદીથી બજારમાં તેજીનો માહોલ; મારુતિ સુઝુકી અને સ્વિગ્ના શેર ચમક્યા

મુંબઈ, તા. ૧૯

ભારતીય શેરબજારમાં ગુરુવારે તેજીનો જોરદાર માહોલ જોવા મળ્યો હતો. સમાહના ચોથા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૯૮૯.૯૪ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩,૦૨૧.૭૫ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦માં ૨૮૬.૩૫ પોઈન્ટનો વધારો નોંધાયો હતો અને તે ૨૫,૫૧૪.૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ઓટો, બેંકિંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ક્ષેત્રના શેરોમાં થયેલી જોરદાર ખરીદીએ બજારને મજબૂતી આપી હતી.

ગુરુવારના કારોબારમાં ઓટોમોબાઈલ ક્ષેત્રના શેરોમાં રોકાણકારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. મારુતિ સુઝુકીના શેરમાં આશરે ૭.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં પણ આશરે ૪.૭ ટકાની તેજી જોવા મળી હતી. ઓટો સેક્ટરમાં ખરીદી વધતાં બજારના મુખ્ય સૂચકાંકોને મોટો ટેકો મળ્યો હતો. ઓટો ઉપરાંત PSU બેન્ક, પ્રાઇવેટ બેન્ક અને FMCG ક્ષેત્રના શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. PSU બેંક સેક્ટરમાં આશરે ૨.૨ ટકા અને પ્રાઇવેટ બેંક સેક્ટરમાં ૧.૪ ટકાનો વધારો નોંધાયો હતો. FMCG સેક્ટરમાં પણ આશરે ૧.૯ ટકાની તેજી જોવા મળી હતી.

બજારમાં એકંદરે તેજી હોવા છતાં IT ક્ષેત્રના શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. ઈન્ફોસિસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા અને ઇઁઝ્ર-ટેક જેવા શેરોમાં ઘટાડો નોંધાયો હતો. આ કારણે IT સેક્ટર બજારની તેજી સાથે તાલ મિલાવી શક્યું નહોતું.

શેરબજારમાં આવેલી આ તેજીથી રોકાણકારોની સંપત્તિમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. બજારમાં ખરીદીનું પ્રમાણ વધતાં અનેક કંપનીઓના શેરોમાં ઉછાળો નોંધાયો હતો. ખાસ કરીને ઓટો અને બેંકિંગ શેરોમાં રોકાણકારોનો વિશ્વાસ જોવા મળ્યો હતો.હવે રોકાણકારોની નજર આગામી ટ્રેડિંગ સત્ર પર રહેશે. વૈશ્વિક બજારોના સંકેતો, વિદેશી રોકાણકારોની ખરીદી-વેચવાલી, ફૂડ ઓઈલના ભાવ અને કંપનીઓનાં પરિણામો બજારની આગામી દિશા નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ગુરુવારની તેજીથી બજારમાં આશાવાદ વધ્યો છે, જોકે આગામી દિવસોમાં આ તેજી જળવાઈ રહે છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

EPFO એ નિયમો સરળ બનાવ્યા

૫૫ વર્ષ અગાઉ પીએફના ૯૦% પૈસા ઉપાડી શકાશે

લઘુત્તમ બેલેન્સ મર્યાદા ઘટાડીને ૧૦% કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૯

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ પીએફ (PF) ઉપાડના નિયમો સરળ બનાવતાં નોકરી કરતા કર્મચારીઓને મોટી રાહત મળી છે. નવા નિયમો મુજબ, ૫૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્યો જરૂર પડ્યે તેમના પાત્ર EPF ખાતાના બેલેન્સના ૯૦ ટકા સુધી રકમ ઉપાડી શકશે, જે અગાઉ ૭૫ ટકા હતી. સાથોસાથ, ખાતામાં ૨૫ ટકા લઘુત્તમ બેલેન્સ જાળવવાની મર્યાદા ઘટાડીને માત્ર ૧૦ટકા કરવામાં આવી છે—જેમ કે રૂ.૧૦ લાખના બેલેન્સ સામે અગાઉ રૂ.૨.૫ લાખ ઉપાડી શકાતા નહોતા, જ્યારે હવે માત્ર રૂ.૧ લાખ રાખીને બાકીના રૂ.૯ લાખ જરૂર પડ્યે ઉપાડી શકાશે.નવી જોગવાઈઓ હેઠળ બેરોજગારી અથવા આંશિક ઉપાડ માટે જરૂરી લઘુત્તમ EPF સભ્યપદનો સમયગાળો ૧૨ મહિનાથી ઘટાડીને માત્ર ૨ મહિના કરવામાં આવ્યો છે, જે આવક કે નોકરી ગુમાવવાના સમયે નાણાકીય રાહત આપશે. EPF યોજના ૨૦૨૬ હેઠળ આંશિક ઉપાડની જોગવાઈઓને આવશ્યક જરૂરિયાતો, રહેઠાણ સંબંધિત જરૂરિયાતો અને ખાસ શરતો એમ ત્રણ શ્રેણીઓમાં વર્હેચવામાં આવી છે. તબીબી ખર્ચ, બાળકો કે પરિવારના સભ્યોનું શિક્ષણ, લગ્ન તેમજ ઘર કે પ્લોટ ખરીદવા, હોમ લોન ચૂકવવા કે ઘરના સમારકામ માટે નિયમો અને પાત્રતા મુજબ ભંડોળ ઉપાડી શકાશે. જોકે, દરેક સભ્ય શરતો વિના પૂર્ણ રકમ ઉપાડી શકશે નહીં અને પાત્રતા તથા નિયમો લાગુ રહેશે. ઉપાડના નિયમો હળવા કરવાની સાથે EPFO પોર્ટફોલિયોના વૈવિધ્યીકરણ અને લાંબા ગાળે વધુ સારા વળતર માટે વૈકલ્પિક રોકાણ ભંડોળ (AIFs) માં વાર્ષિક નવા યોગદાનના મહત્તમ ૩ ટકા સુધી રોકાણ કરવા વિચારી રહી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેઠકમાં આ દરખાસ્ત પર ચર્ચા થવાની અપેક્ષા છે. NIIF અને SIDBI (સ્ટાર્ટઅપ ઈન્ડિયા ફંડ ઓફ ફંડ્સ ૨.૦) મારફતે આ રોકાણ થઈ શકે છે, જેનું મૂલ્યાંકન, જોખમ વિશ્લેષણ અને સમીક્ષા સંબંધિત સમિતિ તથા નિયમો હેઠળ થશે.

કેન્દ્ર સરકારે બદલ્યો નિયમ

નવી BS-6 ગાડીઓમાં PUC રિન્યુ કરાવવાની ઝંઝટ ઘટી

BS-6 ખાનગી કાર માટે ૬ વર્ષ સુધી 3 વર્ષની માન્યતા, જ્યારે BS-1 થી BS-4 વાહનો માટે જૂના નિયમો યથાવત

નવી દિલ્હી, તા.૧૯

વાહનોના PUC (Pollution Under Control) સર્ટિફિકેટની માન્યતાના સમયગાળામાં કેન્દ્ર સરકારે મોટો ફેરફાર કર્યો છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ Central MOor Vehicles (16th Amendment) Rules, 2026 મારફતે આ સુધારા જાહેર કર્યા છે, જે રાજપત્રમાં પ્રકાશિત થતાં જ અમલમાં આવ્યા છે. નવા નિયમો મુજબ, હવે નવી જ્જી-૬ ખાનગી ગાડીઓના માલિકોએ દર ૬ મહિને કે દર વર્ષે PUC રિન્યુ કરાવવાની જરૂર રહેશે નહીં.સરકારે BS-6 વાહનોની ઉંમરના આધારે PUC સર્ટિફિકેટની માન્યતા નક્કી કરી છે:BS-6 ખાનગી વાહનોઃ ૬ વર્ષ સુધી જૂનાં વાહનો માટે PUC ૩ વર્ષ સુધી માન્ય રહેશે. ૬ વર્ષથી વધુ અને ૧૦ વર્ષ સુધી જૂનાં વાહનો માટે દર વર્ષે PUC રિન્યુ કરાવવી પડશે, જ્યારે ૧૦ વર્ષથી વધુ જૂનાં વાહનોએ દર ૬ મહિને રિન્યુ કરાવવી પડશે.BS-6 ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહનોઃ ૬ વર્ષ જૂનાં વાહનો માટે PUC ૨ વર્ષ સુધી માન્ય રહેશે. ૬ વર્ષથી વધુ અને ૧૦ વર્ષ સુધી જૂનાં વાહનો માટે દર વર્ષે તથા ૧૦ વર્ષથી વધુ જૂનાં વાહનો માટે દર ૬ મહિને PUC રિન્યુ કરાવવાની રહેશે.જૂના BS-1 થી BS-4 વાહનો અને હાલના PUC પર અસરઃ BS-1, BS-2, BS-3 અને BS-4 ધોરણનાં વાહનો માટે અગાઉના નિયમો જ ચાલુ રહેશે અને તેમાં કોઈ લાંબી રાહત અપાઈ નથી. BS-1, BS-2 અને BS-3 વાહનો માટે PUC ની માન્યતા અગાઉની જેમ ૩ મહિના તથા BS-4 વાહનો મા

આસિફ મર્ચન્ટને અમેરિકામાં ૨૭ વર્ષની સજા

ટ્રમ્પ, બાઈડેનની હત્યાના કાવતરામાં પાકિસ્તાની ઉદ્યોગપતિને લાંબી જેલ

ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડના ઈશારે કાવતરું ઘડ્યાનો દાવો, FBIના ગુપ્ત એજન્ટે સમગ્ર યોજનાનો પર્દાફાશ કર્યો

નવી દિલ્હી, તા.૧૯

પાકિસ્તાની ઉદ્યોગપતિ આસિફ મર્ચન્ટને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ , ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેન અને સંયુક્ત રાષ્ટ્રમાં ભૂતપૂર્વ યુએસ રાજદૂત નિક્કી હેલીની હત્યાનું કાવતરું ઘડવા બદલ યુએસમાં 27 વર્ષથી વધુ જેલની સજા ફટકારવામાં આવી છે .અહેવાલ મુજબ, 48 વર્ષીય આસિફે કહ્યું કે તેને ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના એક સભ્ય દ્વારા કાવતરામાં જોડાવા માટે પ્રેરણા મળી હતી. મર્ચન્ટને આ વર્ષની શરૂઆતમાં ભાડેથી હત્યાના પ્રયાસ અને આતંકવાદના પ્રયાસના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને મંગળવારે ન્યૂયોર્કમાં તેને સજા ફટકારવામાં આવી હતી. ટ્રમ્પ દ્વારા નિયુક્ત યુએસ ડિસ્ટ્રિક્ટ જજ એરિક કોમિટીએ કહ્યું, "યુએસ રાષ્ટ્રપતિ અથવા અન્ય કોઈ વરિષ્ઠ સરકારી અધિકારીની પૂર્વયોજિત હત્યા કરતાં વધુ ગંભીર આરોપ ભાગ્યે જ હોઈ શકે." તેમણે સજાની સુનાવણી દરમિયાન કોઈ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. તેમના વકીલ, અબ્રાહમ મોસ્કોવિટ્ઝે જણાવ્યું હતું કે મર્ચન્ટ ચુકાદા સામે અપીલ કરવાની યોજના ધરાવે છે, પરંતુ ન્યાયાધીશે આજીવન કેદની ફરિયાદ પક્ષની વિનંતીને નકારી કાઢતા તેમને રાહત થઈ છે."મને લાગે છે કે આ બતાવે છે કે આપણું ન્યાયતંત્ર સ્વતંત્ર છે, જે સારી વાત છે," મોસ્કોવિટ્ઝે કહ્યું. યુએસ એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મર્ચન્ટને યોગ્ય રીતે સજા ફટકારવામાં આવી હતી. મર્ચન્ટે જ્યુરીને જણાવ્યું હતું કે તેમણે ટ્રમ્પની રેલીઓના સ્થળો વિશે માહિતી એકત્રિત કરી હતી અને રાજકીય રેલી દરમિયાન હત્યા કરવાની યોજના પર ચર્ચા કરી હતી.તેણે હોટલના નેપકિન પર કેટલીક સામગ્રીનો ઉપયોગ કરીને એક પરિચિતને પ્રસ્તાવિત હુમલા વિશે સમજાવ્યું. ત્યારબાદ વેપારીએ કેટલાક લોકોનો સંપર્ક કર્યો જેમને તે ભાડે રાખેલા હત્યારા માનતો હતો. તેણે તેમને 5,000 યુએસ ડોલર રોકડા આપ્યા, જે તેણે એક સંબંધી પાસેથી ઉધાર લીધા હતા. કથિત હત્યારો વાસ્તવમાં ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) નો ગુપ્ત એજન્ટ હતો, અને એક પરિચિત વ્યક્તિ જેણે મર્ચન્ટને નેપકિન પર પરિસ્થિતિ સમજાવતા જોયો હતો તેણે અધિકારીઓને ચેતવણી આપી હતી. મર્ચન્ટની 12 જુલાઈ, 2024 ના રોજ ટેક્સાસમાં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તે પાકિસ્તાન જતી ફ્લાઈટમાં બેસવાની તૈયારી કરી રહ્યો હતો. તેની ધરપકડ પેન્સિલવેનિયાના બટલરમાં ટ્રમ્પ પર ઘાતક હુમલાના એક દિવસ પહેલા જ થઈ હતી.મર્ચન્ટે જુબાની આપી હતી કે તેણે રિવોલ્યુશનરી ગાર્ડ ઓપરેટિવના નિર્દેશોનું પાલન ફક્ત એટલા માટે કર્યું કારણ કે તે ઈરાનમાં તેના સંબંધીઓની સલામતીની ચિંતા કરતો હતો. તેને આશા હતી કે યુએસ અધિકારીઓ આ કાવતરું અટકાવશે અને પછી તે તેમની સાથે સહયોગ કરી શકશે.

અમદાવાદ મ્યુનિ. સોશિયલ મીડિયા પ્રચાર પાછળ કરોડો ખર્ચશે

ઈન્ફ્લુએન્સર પાસે મ્યુનિ.ના વખાણ કરાવવા ૨ કરોડનો ખર્ચ

દરરોજ ત્રણ પોસ્ટ અને રીલ મૂકવાની જવાબદારી એજન્સીને સોંપાશે, Gen Zને આકર્ષવાની તૈયારી

અમદાવાદ, તા.૧૯

સોશિયલ મીડિયા પર કોઈ ઈન્ફ્લુએન્સર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વખાણ કરતા જોવા મળે તો નવાઈ પામવી નહીં. સોશિયલ મીડિયા પર પોસ્ટ, રીલ અને વિડિયો બનાવીને મૂક્યા બાદ હવે મ્યુનિ. તંત્ર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પાસેથી પોતાનો પ્રચાર-પ્રસાર કરાવશે. કામગીરીના દેખાડા કરી 'જેન ઝી' (Gen Z)ને રાજી રાખવા માટે પ્રજાના પરસેવાના રૂ. 2 કરોડ ખર્ચી નાખવામાં આવશે.અમદાવાદ મ્યુનિ. તંત્રને પણ જાણે સોશિયલ મીડિયાનો ફીવર ચડ્યો છે.

પોતાના ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, એક્સ (X) એકાઉન્ટ અને યુટ્યુબ પર રીલ, વીડિયો અને પોસ્ટ મૂકી ફોલોઅર્સ વધારવા માટે વર્ષે રૂ. 1.08 કરોડનો ખર્ચ કરાશે. બે વર્ષ માટે રૂ. 2.16 કરોડના ખર્ચે આ કામગીરી 'ઈવીએમ કન્સલ્ટન્સી'ને સોંપવા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. ઉપરાંત જીએસટી અલગથી ચૂકવવામાં આવશે.જો કે, ત્રણેક મહિના અગાઉ સોશિયલ મીડિયા મેનેજમેન્ટ માટે મ્યુનિ.એ વર્ષે રૂ. 60 થી 70 લાખના ખર્ચનો અંદાજ રાખ્યો હતો. પરંતુ તે સમયે કોઈ એજન્સી કામ કરવા તૈયાર ન થતા રિ-ટેન્ડર કરવામાં આવ્યું હતું. હવે રિ-ટેન્ડર બાદ આ રકમ વધારીને સીધી એક કરોડ કરી દેવાઈ છે!'રૂપા'ના સેટ પરથી ગોવિંદા અને કોમલ રાણીનો રોમેન્ટિક અંદાજ વાઇરલ, સોશિયલ મીડિયા પર ચર્ચામાં આ જોડીઅત્યાર સુધી મ્યુનિ. તંત્ર દ્વારા રસ્તા પર મોટા હોર્ડિંગ્સ, બેનર લગાવી તેમજ પત્રિકાઓનું વિતરણ કરી લોકસંપર્ક કરાતો હતો. પરંતુ હવે યુવા વર્ગ સુધી પહોંચવા માટે સોશિયલ મીડિયાનો સહારો લેવો પડી રહ્યો છે. આ માટે એજન્સીને દરરોજ ઓછામાં ઓછી ત્રણ પોસ્ટ કે રીલ મૂકવા સૂચના અપાઈ છે.

અમેરિકામાં રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવ્યા

ચૂંટણીનો બહિષ્કાર નહીં, ગેરરીતિઓ સામે લડશે વિપક્ષઃ શિકાગોમાં રાહુલ ગાંધી

ચૂંટણી પંચના અધિકારીઓ પણ અનિયમિતતાઓની માહિતી આપતા હોવાનો રાહુલ ગાંધીનો દાવો, ગાઝા સંઘર્ષની પણ કરી નિંદા

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. તેમણે શિકાગો યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે પોતાના બાળપણના ગણિતના શિક્ષક સાથે મુલાકાત કરી. રાહુલ ગાંધીએ ઈઝરાયલ સાથે ભારતના સંબંધો અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ભારતના ઈઝરાયલ સાથે સારા સંબંધો છે અને ભારત તેની પાસેથી હથિયારો પણ ખરીદે છે, જે સારી બાબત છે. જોકે ઓક્ટોબરમાં બનેલી ઘટનાની નિંદા કરતાં તેને અત્યંત ભયાનક ગણાવી હતી અને કહ્યું હતું કે આવી ઘટના ક્યારેય બનવી જોઈએ નહીં. આ સાથે તેમણે ગાઝામાં જે કંઈ થઈ રહ્યું છે તેની પણ નિંદા કરી હતી. ઉપરાંત રાહુલ ગાંધીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પ્રક્રિયામાં થતી ગેરરીતિનો વિરોધ કરશે.નકશા જુઓઈઝરાયલ સાથે આપણા સારા સંબંધો છે. આપણે ઈઝરાયલ પાસેથી હથિયારો ખરીદીએ છીએ અને આ સારી બાબત છે. ઓક્ટોબરમાં જે થયું તેની હું નિંદા કરું છું. મને લાગે છે કે તે અત્યંત ભયાનક હતું. આવું ક્યારેય થવું જોઈએ નહીં. પરંતુ ગાઝામાં જે થઈ રહ્યું છે તેની પણ હું નિંદા કરું છું.આ પહેલાં અમેરિકાના ઈલિનોય સ્થિત શિકાગો યુનિવર્સિટીમાં 'ધ ઈરાન વૉર એન્ડ ઈન્ડિયાઝ રોલ ઈન ધ વર્લ્ડ' કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ ભારતની ચૂંટણી પ્રક્રિયા અંગે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો.

રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને સતત ઉજાગર કરતી રહેશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષ એવું કોઈ પગલું ભરવા માંગતો નથી, જેનાથી લોકોની નજરમાં ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થાય અને ભારતીય લોકશાહીની વ્યવસ્થા નબળી પડે. વિપક્ષ ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લઈ શકે નહીં, કારણ કે તેનાથી લોકશાહી વ્યવસ્થાને નુકસાન પહોંચશે. વિપક્ષની વ્યૂહનીતિ ચૂંટણી વ્યવસ્થામાં કથિત ગેરરીતિઓને સામે લાવવાની અને આ મુદ્દાને જનતા સુધી પહોંચાડવાની છે. જ્યાં સુધી લોકોને વ્યવસ્થામાં શું ચાલી રહ્યું છે તે સમજાશે નહીં, ત્યાં સુધી વિપક્ષ આ મુદ્દો ઉઠાવતો રહેશે.રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે-'ચૂંટણી પંચની અંદરથી પણ વિપક્ષને માહિતી મળી રહી છે.

પંચના વરિષ્ઠ અધિકારીઓ પણ કહી રહ્યા છે કે તેઓ હવે આ રીતે કામ કરી શકે તેમ નથી. આ એક લાંબી પ્રક્રિયા રહી છે અને તેમને વિશ્વાસ છે કે ચૂંટણી વ્યવસ્થામાં કથિત ગેરરીતિઓ સામે આવશે. વિપક્ષ બિનલોકશાહી ભારતને સ્વીકારવા તૈયાર નથી. આ માત્ર કોંગ્રેસની લડાઈ નથી, પરંતુ દેશના મોટી સંખ્યામાં લોકોની ઈચ્છા છે. વિપક્ષ ઈચ્છે છે કે લોકો કોઈપણ ડર વિના પોતાની વાત રજૂ કરી શકે અને લોકશાહીમાં તેમની આ શક્તિ ફરીથી મજબૂત બને.'

ટ્રમ્પની ઈરાનને જૈવિક હથિયારો મુદ્દે ખુલ્લી ચેતવણી

ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે તો સંપૂર્ણ સફાયો કરીશું: ટ્રમ્પની ધમકી

શી જિનપિંગ સાથેની મુલાકાત બાદ ટ્રમ્પનો આક્રમક મિજાજ, ઈરાનના કથિત હથિયાર કાર્યક્રમ પર નજર અને ચીન-રશિયાની મદદ લેવાનો સ્પષ્ટ ઇનકાર

વોશિંગ્ટન, તા.૧૯

ચીનના પ્રમુખ જિનપિંગ સાથેની મુલાકાતના ગણતરીના કલાકોમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને અત્યંત આક્રમક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન ગેસ અને બાયોલોજિકલ (જૈવિક) હથિયારો વિકસાવવા પર વિચાર કરી રહ્યું છે. ઈરાનના લોકોને 'ખતરનાક' ગણાવતા ટ્રમ્પે ખુલ્લી ધમકી આપી છે કે, 'જો ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે, તો અમેરિકા તેમનો સંપૂર્ણ સફાયો કરી દેશે.'ઈરાનના કથિત હથિયાર કાર્યક્રમ અંગે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'એવા કેટલાક સંકેતો મળ્યા છે કે ઈરાન ગેસ અને જૈવિક હથિયારો તરફ નજર દોડાવી રહ્યું છે, જે બિલકુલ સારી બાબત નથી.

ઈરાન અન્ય કેટલીક બાબતો પર પણ કામ કરી રહ્યું છે અને અમેરિકા તેના પર ચાંપતી નજર રાખી રહ્યું છે.'ટ્રમ્પે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, 'આ લોકો ખૂબ જ ખતરનાક છે અને જો આવું કંઈ પણ થશે તો અમે તેમને સંપૂર્ણપણે ખતમ કરી દઈશું.' જોકે, ઈરાન કયા પ્રકારના ગેસ કે જૈવિક હથિયારોની તૈયારી કરી રહ્યું છે તે અંગે ટ્રમ્પે કોઈ સ્પષ્ટતા કરી ન હતી કે ન તો પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા રજૂ કર્યા હતા.ચીનના શેનઝેન શહેરમાં પત્રકારોએ ટ્રમ્પને સવાલ કર્યો હતો કે ઈરાન સંઘર્ષનો અંત લાવવા માટે શું તેઓ ચીન અને રશિયાની મદદ લેવા માંગે છે.

આ પ્રશ્નનો સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપતા ટ્રમ્પે જણાવ્યું કે, 'હું મદદ માંગવા માટે આ બંને દેશો પાસે નહીં જાવ.' વધુમાં, ચીન અને રશિયાની ભૂમિકાને બિરદાવતા તેમણે કહ્યું કે, 'ખરેખર જોવા જઈએ તો બંને દેશોએ અમેરિકા પ્રત્યે ખૂબ સકારાત્મક વલણ દાખવ્યું છે, કારણ કે તેમણે કોઈ ગોળીબાર કર્યો નથી કે સમુદ્રમાં પોતાના જહાજો પણ તૈનાત કર્યા નથી.' બીજી તરફ, આ સંઘર્ષના નિરાકરણ માટે આગળ જતાં તેમની સાથે કોઈ રાજદ્વારી મંત્રણા થશે કે નહીં, તે મુદ્દે ટ્રમ્પે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.પોતાના પ્રવાસ દરમિયાન ટ્રમ્પે ચીન સાથેના સંબંધોને અત્યંત શાનદાર અને સન્માન પર આધારિત ગણાવ્યા હતા. તેમણે ચીનમાં મળેલા ભવ્ય સ્વાગત અને શી જિનપિંગ સાથેની મુલાકાત વખતે થયેલી મહેમાનગતિનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, બેઠકની વ્યવસ્થા અને તેમના સન્માનમાં જે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું, તેવું ચીનના ઈતિહાસમાં અગાઉ ક્યારેય બન્યું નથી. ટ્રમ્પે આ આખા ઘટનાક્રમને અમેરિકા માટે એક મોટી જીત ગણાવી હતી.

યુક્રેનને યુદ્ધમાં યુરોપિયન યુનિયનનો મોટો સહારો

યુદ્ધ વચ્ચે યુક્રેનને ૪૯.૪ અબજ ડોલરની યુરોપિયન યુનિયન લોન આપશે

રશિયાના સતત હુમલાઓથી યુક્રેનનું અર્થતંત્ર દબાણમાં, સૈન્ય અને આર્થિક જરૂરિયાતો પૂરી કરવા ઇયુની તૈયારી

બ્રસેલ્સ, તા.૧૯

ચીનમાં વિશ્વનાં ત્રણ ટોચનાં નેતાઓ ટ્રમ્પ, જિનપિંગ અને પુતિન મળી રહ્યાં છે ત્યારે યુરોપિયન યુનિયને યુક્રેન માટે ૪૯.૪ અબજ ડોલરની લોનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.યુરોપિયન કમિશને બુધવારે યુક્રેનનાં અર્થતંત્ર અને ૨૦૨૭માં યુદ્ધનાં પ્રયત્નોને સપોર્ટ કરવા માટે ૪૯.૪ અબજ ડોલરની લોન આપવાની જાહેરાત કરી છે. પાંચ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને કારણે યુક્રેનને નાણાકીય સહાયની તાત્કાલિક જરૂર છે.લગભગ એક વર્ષ પહેલા યુરોપિયન યુનિયનનાં નેતાઓએ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે યુક્રેનની મોટા ભાગની સૈન્ય અને આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ૯૯ અબજ ડોલરની વ્યાજ વગરની લોનને સમર્થન આપ્યું હતું.યુક્રેનનાં એનર્જી અને સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનાં વધતા હુમલા, કાળા સમુદ્ર દ્વારા થતા વેપારમાં અવરોધો દેશનાં અર્થતંત્ર પર દબાણ વધારી રહ્યાં છે.

ઈયુ નેતાઓને આશા છે કે ૨૭ દેશોનાં ગ્રુપ સિવાયનાં પણ દેશો પણ યુક્રેનની મદદ કરશે. યુરોપિયન કમિશનનું માનવું છે કે યુક્રેનને આગામી વર્ષે ૭૭ અબજ ડોલરની જરૂર પડશે.કમિશનની યોજના છે કે આ રકમનો બે તૃતિયાંશ ભાગ કેપિટલ માર્કેટથી એકત્ર કરવામાં આવે. જેના કારણે યુક્રેનનાં અર્થતંત્ર માટે ૨૨ અબજ ડોલર અને તેના સૈન્ય માટે ૨૭ અબજ ડોલરની લોન મળી શકે.યુરોપિયન કમિશનનાં પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું છે કે અમને લાગે છે કે મંત્રણાનાં ટેબલ પર યુક્રેનને મજબૂતી આપવાનો આ સૌથી સારી રીત છે.

કમિશનની યોજના ઈયુ સેંકશન હેઠળ ળીઝ કરવામાં આવેલી રશિયન એસેટ્સથી મળનારા વ્યાજનો ઉપયોગ લોનની ચુકવણીમાં મદદ કરવાની છે. મોટા ભાગની એસેટ્સ સપ્ટેમ્બરનાં અંતમાં ૨૨૪ અબજ ડોલર બેલ્જિયમનાં ફાઈનાન્સિયલ ક્લિયરિંગ હાઉસ યુરોક્લિયરમાં રાખવામાં આવી છે.યુરોપનાં મોટા ભાગનાં દેશો યુક્રેનને મદદ કરવાનાં સમર્થનમાં છે. જો કે કેટલાક દેશો યુક્રેનને મદદ કરવાનો વિરોધ કરી રહ્યાં છે. આ દેશોમાં ઝેક રિપબ્લિક, હંગેરી અને સ્લોવેકિયાનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચ પર પૂર્વ જજના ગંભીર આરોપ

એક પક્ષને ફાયદો કરાવવા ૧૩ કરોડ મત કાપ્યા: પૂર્વ જસ્ટિસનો આરોપ

જસ્ટિસ વી. ગોપાલા ગૌડાએ SIR પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા, ૯ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થશે

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય ચૂંટણી પંચ (ECI)ની કાર્યશૈલી પર સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ વી. ગોપાલા ગૌડાએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, ચૂંટણી પંચે એક રાજકીય પક્ષને ફાયદો કરાવવાના હેતુથી પગલાં ભર્યા છે અને દેશની સાર્વભૌમત્વને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો છે. તેમનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે વિપક્ષી દળો દ્વારા મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (SIR) અભિયાન અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ભૂમિકા સામે સતત પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે.જસ્ટિસ ગોપાલા ગૌડાએ હાલમાં ચાલી રહેલી SIR પ્રક્રિયાની પદ્ધતિ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, મતદાર યાદી સુધારણાની આ પ્રક્રિયાનો ઉપયોગ મતદારોના નામ યાદીમાંથી હટાવવા માટે ન થવો જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે, સુપ્રીમ કોર્ટે SIRના તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે દેશની સર્વોચ્ચ અદાલતમાં અગાઉથી જ અનેક અરજીઓ પડતર છે.ચૂંટણી પંચની કામગીરીને ત્રાસદાયક ગણાવતા જસ્ટિસ ગૌડાએ આક્ષેપ કર્યો કે, પંચે SIRના નામે સમગ્ર દેશમાં 13 કરોડ લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખ્યા છે.

આ પગલું એક રાજકીય પક્ષને મદદ કરવા માટે લેવાયું હોવાનો દાવો કરતા તેમણે ઉમેર્યું કે, પુખ્ત વયના નાગરિકનો મત આપવાનો અધિકાર એ બંધારણીય અધિકાર છે. દેશની જનતા સર્વોપરી છે, સુપ્રીમ કોર્ટ કે ચૂંટણી પંચ નહીં. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ મામલે સમજદારીપૂર્વક નિર્ણય લેવામાં આવશે.વધુમાં એક તપાસ અહેવાલના ખુલાસાનો ઉલ્લેખ કરતા જસ્ટિસ ગૌડાએ કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) દ્વારા જે પ્રકારે સોગંદનામા દાખલ કરાયા અને નિવેદનો અપાયા, તેનાથી સ્પષ્ટ થાય છે કે પંચે SIRના મહત્ત્વના પાસાઓને ખોટી રીતે રજૂ કરીને આ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે, રાજકીય પક્ષો દ્વારા મોટી સંખ્યામાં ફોર્મ-7 જમા કરાવીને મતદારોના નામ કમી કરાવવા માટે આ પ્રક્રિયાનો ઉપયોગ ન થવો જોઈએ.SIR પ્રક્રિયા દરમિયાન મતદારોના નામ હટાવવા અને કથિત ગેરરીતિઓના આક્ષેપો અંગે સુપ્રીમ કોર્ટ આગામી 9 ડિસેમ્બરના રોજ સુનાવણી હાથ ધરશે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સહિત વિપક્ષના અનેક અગ્રણી નેતાઓએ આ પ્રક્રિયા વિરુદ્ધ અરજીઓ દાખલ કરી છે. અગાઉ મંગળવારે આ મામલે સુનાવણી થવાની હતી, પરંતુ અન્ય એક પડતર કેસના કારણે તેને મુલતવી રાખવામાં આવી હતી.

રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને માગણી કરી છે કે નાયબ ચૂંટણી કમિશનર, મુખ્ય ચૂંટણી કમિશનર અને બંને ચૂંટણી કમિશનરો સોગંદનામું દાખલ કરીને આ મુદ્દે જવાબ રજૂ કરે. અરજીમાં SIRને અપાયેલી મંજૂરી, મતદાર યાદીમાંથી નામ કમી કરવા અને ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં કરાયેલા ફેરફારો સામે સવાલ ઉઠાવાયા છે. એક અહેવાલ પ્રમાણે, અરજદારોએ ઓનલાઈન ફોર્મ-6માં થયેલા ફેરફારો તેમજ ECI NET અને ERO NET મતદાર યાદી ડેટાબેઝની કામગીરી પર પણ શંકા વ્યક્ત કરી છે.

આ કાયદાકીય લડતમાં રાહુલ ગાંધી ઉપરાંત કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સૌગત રોય, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ, સંજય રાઉત, એમ.એ. બેબી, ડી. રાજા, મહુઆ માઝી, સુપ્રિયા સુલે, ઈ.ટી. મોહમ્મદ બશીર, થોલ થિરુમાવલવન અને સજ્જાદ અહેમદ કિયલુ સહ-અરજદાર તરીકે જોડાયા છે.

બાંગ્લાદેશમાં રાજકીય હિંસાએ ફરી માઝા મૂકી

બાંગ્લાદેશમાં ફરી હિંસા, યુનુસના પૈતૃક ઘરને આગ, ૨૮ જિલ્લાઓમાં બોમ્બ ધડાકા

અવામી લીગના લોકડાઉનના એલાન પહેલાં દેશભરમાં તોડફોડ, આગચંપી અને હિંસામાં ચાર લોકોનાં મોત થયા

ઢાંકા, તા.૧૯

બાંગ્લાદેશ ફરી એકવાર ભીષણ રાજકીય હિંસા અને આગચંપીની આગમાં લપેટાયું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પ્રતિબંધિત પાર્ટી અવામી લીગ દ્વારા જાહેર કરાયેલા 'લૉકડાઉન' પૂર્વે દેશભરમાં ભારે બબાલ મચી ગઈ છે. રાજધાની ઢાકા સહિત દેશના અનેક ભાગોમાં દેશી બોમ્બના ધડાકા અને તોડફોડના બનાવો સામે આવ્યા છે.

છેલ્લા બે દિવસમાં ઉપદ્રવીઓએ ચટગાંવના પાંચલાઈસ વિસ્તારમાં આવેલા વચગાળાની સરકારના પૂર્વ વડા મોહમ્મદ યુનુસના પૈતૃક નિવાસસ્થાનને આગ ચાંપી દીધી હતી. આ ઉપરાંત સિલહટ, રાજશાહી, બારીસાલ અને ફરીદપુરમાં યુનુસની 'ગ્રામીણ બેંક'ની અનેક શાખાઓને પણ આગના હવાલે કરવામાં આવી છે. બીજી તરફ, વડાપ્રધાન તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના કાર્યકરોએ પણ ઢાકામાં અવામી લીગના બે નેતાઓના ઘર પર હુમલો કરી આગ લગાવી હોવાના અહેવાલ છે.

બાંગ્લાદેશના કુલ 64 વહીવટી જિલ્લાઓમાંથી 28 જિલ્લાઓમાં ડઝનબંધ દેશી બોમ્બ ફૂટ્યા છે અને અનેક વાહનોને ફૂંકી મારવામાં આવ્યા છે. પશ્ચિમી નરાઈલ જિલ્લામાં BNPની રેલી પર અવામી લીગના કાર્યકરોના હુમલામાં સત્તાધારી પક્ષના બે સ્થાનિક નેતાઓના મોત થયા છે. આ ઉપરાંત ફરીદપુર અને પિરોજપુરમાં એક BNP નેતા અને એક પરિવહન કર્મચારીનું મોત નિપજ્યું છે, જ્યારે ઢાકામાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે.5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થી આંદોલન બાદ સત્તા ગુમાવીને ભારતમાં આશ્રય લઈ રહેલા શેખ હસીનાને ગત વર્ષે એક વિશેષ ટ્રિબ્યુનલે માનવતા વિરુદ્ધના ગુનાઓ બદલ ગેરહાજરીમાં ફાંસીની સજા સંભળાવી હતી. આ સજાની વરસી નિમિત્તે અવામી લીગે લૉકડાઉનનું એલાન આપ્યું છે.

આ મહિનાની શરૂઆતમાં હસીનાએ ફાંસીની સજા છતાં ગમે તે ભોગે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી હતી, ત્યારથી દેશમાં તણાવ વધી ગયો છે. મંગળવારે તેમના વતન તુંગીપારામાં 30 સમર્થકોની ધરપકડ બાદ ટોળાએ પોલીસ સ્ટેશન ઘેરી લેતા પોલીસે થાણું ખાલી કરવું પડ્યું હતું.બુધવારે રાત્રે વડાપ્રધાન તારિક રહેમાને અવામી લીગને 'આતંકવાદી સંગઠન' અને 'પરાજિત ફાસીવાદી તાકાત' ગણાવી લોકતાંત્રિક દળોને એકજૂટ થવા અપીલ કરી હતી. તેમણે સાંસદોને માત્ર સરકારી તંત્ર પર નિર્ભર ન રહેતા રસ્તા પર ઉતરવા આહ્વાન કર્યું છે. સ્થિતિને કાબૂમાં લેવા ગોપાલગંજ સહિતના સંવેદનશીલ જિલ્લાઓમાં 'બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ' (BGB) ના હજારો જવાનો તૈનાત કરાયા છે. પોલીસે 24 કલાકના ઓપરેશનમાં એકલા ઢાકામાંથી હસીના કેબિનેટના પૂર્વ શિક્ષણ મંત્રી નુરુલ ઈસ્લામ નાહિદ સહિત 565 લોકોની ધરપકડ કરી છે.

ગૃહમંત્રી સલાહુદ્દીન અહમદે ઓડિયો-વીડિયો પુરાવાના આધારે તોફાનીઓ સામે કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

પંજાબમાં લોખંડનો પુલ ધરાશાયી, બે ટ્રક ફસાયા

પટિયાલામાં ધડાકાભેર તૂટ્યો લોખંડનો પુલ, બે ટ્રક નહેરમાં ખાબક્યા

ટ્રકોમાં લાગી આગ, બંને ડ્રાઇવરોનો ચમત્કારિક બચાવ, પુલના બાંધકામની ગુણવત્તા સામે ઉઠ્યા સવાલો

પંજાબ, તા.૧૯

પંજાબના પટિયાલા-સંગરુર માર્ગ પર નહેર પર બનેલો લોખંડનો એક પુલ અચાનક ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટના ગુરુવારે સવારે બની હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સમયે પુલ પરથી બે ટ્રક પસાર થઈ રહ્યા હતા, જે પુલ તૂટવાની સાથે જ નીચે નહેરમાં ખાબક્યા હતા. ઘટનાની જાણ થતા જ વહીવટી તંત્રની ટીમો અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરી હતી.

પુલ તૂટી પડતા જ બંને ટ્રક નહેરમાં ફસાઈને લટકી ગયા હતા અને દુર્ઘટના બાદ તેમાં ભીષણ આગ પણ ફાટી નીકળી હતી. ફાયર વિભાગની ગાડીઓ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બીજી તરફ, તૂટેલા પુલના કાટમાળ ઉપરથી ભાખડા નહેરનું પાણી વહેવા લાગતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી, જેને સંભાળવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.રાહતની વાત એ છે કે બચાવ ટીમો દ્વારા બંને ટ્રક ડ્રાઇવરોનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું છે અને આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. સુરક્ષાના કારણોસર વહીવટી તંત્રએ પુલની બંને તરફ બેરિકેડિંગ લગાવીને આ માર્ગ પર વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ કરી દીધી છે.

મુસાફરોની સુવિધા માટે વાહનવ્યવહારને બીજી તરફના પુલ પરથી પસાર કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.મળતી માહિતી મુજબ, આ નેશનલ હાઈવે અને પુલનું નિર્માણ વર્ષ ૨૦૧૬ની આસપાસ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્તરે અગાઉ પણ આ પુલમાં તિરાડો પડી હોવાની ફરિય

લીલીયા તાલુકામાં રૂ. ૨.૪૫ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરતા ધારાસભ્ય મહેશ કસવાલા






લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની નવી દિશા આપવાના હેતુથી અંદાજે રૂ. ૨ કરોડ ૪૫ લાખના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યોના પ્રારંભથી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે તેમજ ગ્રામજનોની લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાઓનું નિરાકરણ આવશે. આ પ્રસંગે લીલીયા તાલુકાના પીપળવા ગામે વર્ષો જૂની સમસ્યાના કાયમી ઉકેલ માટે અંદાજે રૂ. ૧ કરોડ ૭૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર બ્રિજના કામનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. પીપળવા ગામના ગ્રામજનો માટે આ બ્રિજ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદ અને પૂરનાં પાણીના કારણે ગામની કનેક્ટિવિટી ખોરવાઈ જતી હતી, જેના પરિણામે ગ્રામજનોને અવર–જવર સહિતની અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. વર્ષોથી ગ્રામજનોને સતાવતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બ્રિજનું નિર્માણ કરવામાં આવનાર છે. બ્રિજ બન્યા બાદ ચોમાસા દરમિયાન પણ ગામની અવરજવર સરળ અને સુરક્ષિત બનશે.આ ઉપરાંત સનાળીયા, અંટાળીયા અને ભેસવડી ગામે ગ્રામજનોને વહીવટી સુવિધાઓ ગામમાં જ ઉપલબ્ધ થાય અને સરકારી કામગીરી માટે અન્ય સ્થળોએ જવું ન પડે તેવા હેતુથી નિર્માણ પામેલા ગ્રામ સચિવાલયનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામ સચિવાલયની સુવિધા ઉપલબ્ધ થવાથી ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી વધુ સરળ, સુલભ અને સુવ્યવસ્થિત બનશે. લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં એકસાથે વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસને વેગ મળશે. પીપળવા ગામના બ્રિજના નિર્માણથી વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે, જ્યારે ત્રણ ગામોમાં ગ્રામ સચિવાલય શરૂ થવાથી ગ્રામજનોને સ્થાનિક સ્તરે વહીવટી સુવિધાઓનો લાભ મળશે.આમ, ધારાસભ્ય હસ્તે રૂ. ૨.૪૫ કરોડના વિકાસ કાર્યોની ભેટ મળતાં લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્વો પાસેથી ખરીદી કરવાનું ટાળો

અમરેલી જિલ્લાના ખેડૂતો બિયારણ, ખાતર અને જંતુ નાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખે

અધિકૃત વિક્રેતા પાસેથી જ ખરીદી કરી પાકું બિલ મેળવવું

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના ખેડૂતોને શિયાળુ સીઝન દરમિયાન ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતાં આ ઈનપુટ્સની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી જોઈએ. ખેડૂતો છેતરપિંડીથી બચી શકે તે માટે લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્વો પાસેથી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી ન કરવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.

ખેડૂતોએ ખરીદી કરતી વખતે વેપારી પાસેથી લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર સહિતની જરૂરી વિગતો દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું. આ ઉપરાંત, મુદત પૂરી થઈ ગયેલાં બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી ટાળવી અને ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો જોઈએ.

જિલ્લામાં કયાંય અનધિકૃત રીતે અથવા ભળતાં નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ તાત્કાલિક સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

બાબરાનાં ખંભાળા ગામનાં યુવકને

સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીએ ધારદાર દલીલો કરી હતી અને કોર્ટ સમક્ષ જરૂરી પુરાવાઓ રજૂ કર્યા હતા. રજૂ થયેલા પુરાવા અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ સ્પેશ્યલ પોકસો કોર્ટનાં ન્યાયધીશ ધ્વારા આરોપી વિશાલ હરેશભાઈ મેરને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨) અને ૮૭ હેઠળ સાત વર્ષની સખત કેદ તથા રૂા. ૫ હજારના દંડની સજા ફટકારી હતી.

જયારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૮ અને ૧૮ હેઠળ ના ગુનાઓમાં ૨૦ વર્ષની સખત કેદ અને રૂા. ૧૦ હજાર નો દંડ નો હુકમ કર્યો હતો.

આ ઉપરાંત કોર્ટે આરોપી પાસેથી વસુલ કરવામાં આવનારી દંડની રકમ ભોગ બનનાર સગીરાને ચુકવી આપવા તેમજ ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવાનો પણ આદેશ કર્યો છે. સગીરા સાથેના ગંભીર ગુનામાં અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટના આ ચુકાદાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

આપનારા ઉમેદવારોની વિગતો જાહેર કરવાની પણ માગ કરવામાં આવી છે. મૂલ્યાંકનના માપદંડો અને પરીક્ષકોની લાયકાત અંગે પણ બોર્ડે સ્પષ્ટતા કરવી જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી છે.

ઉમેદવારોના વિરોધ વચ્ચે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટે અરજીઓ મંગાવવામાં આવી છે. ૧૮થી ૨૧ નવેમ્બર દરમિયાન ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ www.sebexam.org પર અરજી કરી શકશે.

નોંધનીય છે કે ૧૬ નવેમ્બરે પણ ગાંધીનગરમાં ઉમેદવારોએ એકત્ર થઈ પરીક્ષા બોર્ડ સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો. હવે ઉમેદવારોએ ચીમકી આપી છે કે જો તેમની માગણીઓ નો સંતોષકારક ઉકેલ નહીં આવે અને પરિણામની નિષ્પક્ષ તપાસ નહીં થાય તો ગાંધીનગરમાં મોટાપાયે આંદોલન કરવામાં આવશે. હવે રાજ્ય પરીક્ષા બોર્ડ આ સમગ્ર વિવાદમાં શું સ્પષ્ટતા કરે છે તેના પર હજારો ઉમેદવારોની નજર છે.

કુંકાવાવના શિક્ષક પિયુષભાઈ જોટાણિયાએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી



કુંકાવાવ, તા.૧૯

કુંકાવાવના વતની અને કાવડકા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ પિયુષભાઈ જોટાણિયાએ પોતાની શૈક્ષણિક કારકિર્દીને આગળ વધારવા એપ્લિકેશન ટેકનોલોજીમાં આઈ.આઈ.ટી. ગાંધીનગરમાં પોતાનું સંશોધન મંજૂર થતાં પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી

તેઓ શિક્ષણ ક્ષેત્રમાં અનેક ઉપલબ્ધ પ્રાપ્ત કરી છે. ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો રાજ્યપાલ એવોર્ડ મળેલ છે. ઉપરાંત શિક્ષણ વિભાગ તરફથી પ્રતિભાશાળી શિક્ષક, સાંદીપતિ ગુરૂ ગૌરવ સન્માનિત થયેલ છે.

તેઓએ શિક્ષણ અને સાહિત્યના સંગમક્ષેત્રમાં ગુજરાત રાજ્ય'' પાઠય પુસ્તકો લેખન કરેલ છે. ઉપરાંત શિક્ષક મોડયુલ લેખન, સંદર્ભ સાહિત્ય લેખન, સંશોધન લેખ કરેલ છે. તેમના અનેક રિસર્ચ નેશનલ લેવલે પ્રકાશિત થયેલ છે. તેઓની વિવિધ રચનાઓ અનેક સમિતિથી પ્રકાશિત થયેલ છે. તેમનો બાળવાર્તા સંગ્રહ ''ઢીંગલી રે ઢીંગલી'' ખુબ જ લોકપ્રિય થયો છે.

શિક્ષણ અને સાહિત્યમાં વિશિષ્ટ પ્રતિભાા ધરાવતા વિપુલભાઈ જોટાણિયા ડોકટરની ડિગ્રી પ્રાપ્ત થતા હર્ષ અને ગૌરવ સાથે અભિનંદન પાઠવવમાં આવે છે.

અમરેલી : નવનિયુકત વિદ્યાસહાયકોની સ્થળ પંસદગીના સ્થળમાં ફેરફાર

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા એક જાહેર નોટિસ બહાર પાડીને જણાવવામાં આવ્યું છે કે, વિદ્યા સહાયક ભરતી વર્ષ ૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧ થી ૫ (ગુજરાતી માધ્યમ) ના નવનિયુકત વિદ્યા સહાયકોની સ્થળ પસંદગી અગાઉ બી.આર.સી. ભવન, અમરેલી ખાતે રાખવામાં આવી હતી, પરંતુ અનિવાર્ય સંજોગોવસાત આ સ્થળ માં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે પછી આ તમામ નવનિયુકત વિદ્યા સહાયકોની સ્થળ પસંદગીની પ્રક્રિયા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય (લીલાવતી બિલ્ડીંગ), નાની નુતન, બસ સ્ટેન્ડની બાજુમાં, અમરેલી ખાતે યોજવામાં આવશે, જેની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલીની યાદીમાં જણાવાયું છે.

અખિલ હિંદ મહિલા પરિષદ–સુરતનાં વાંચકમંચનાં ઉપક્રમે

સ્મિતા પારેખ ૧૫મી સાહિત્ય લેખન સ્પર્ધાનાં પ્રથમ વિજેતાઓને રોકડ પુરસ્કાર અને મોમેન્ટો અપાશે

આગામી ૧૯ ડિસેમ્બરનાં રોજ કાર્યક્રમનું આયોજન કરાયુ

અમરેલી, તા. ૧૯

અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટનાં વાતકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ ૧૫મી સાહિત્ય લેખન સ્પર્ધાના નીચે મુજબના પ્રથમ વિજેતાઓને રૂા. ૫૦૦૦નો રોકડ પુરસ્કાર અને મોમેન્ટો આપવામાં આવશે.

(૧) નવલિકા સ્પર્ધામાં સુરતનાં કામની સંઘવીની નવલિકા ''મસાજર'' (૨) બાળવાર્તા સ્પર્ધામાં જામનગરનાં અમરેલી મહેતાની બાળ વાર્તા ''સીમ્બા'' (૩) કવિતા સ્પર્ધામાં ભરૂચનાં મયુરિકા બેન્કરની કવિતા ''પ્રસવ''.

નવલિકા સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે અજય સોની (અંજાર–કચ્છ), બાળવાર્તા સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે રવજીભાઈ કાચા (અમરેલી) અને કાવ્ય લેખન સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે દિનેશ ડોંગરે (વડોદરા)ની સેવાઓ ઉપલબ્ધ થઈ હતી. વિજેતાઓને તા. ૧૯મી ડિસેમ્બર ૨૦૨૬ શનિવારનાં રોજ સાંજે ૪ કલાકે સંસ્થાના કમળાબા અમીચંદ હોલમાં યોજાનાર પારિતોષિક વિતરણ સમારોહમાં પારિતોષિક અર્પણ કરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

નજીવી બાબતે ખૂની ખેલ

નજીવી બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. શરૂઆતમાં સામાન્ય લાગતો આ વિવાદ ધીમે ધીમે ઉગ્ર બન્યો હતો. જોતજોતામાં મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. આ દરમિયાન વિલાશબેન ઘોડકીયાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમની હાલત નાજુક બની હતી. ઘટનામાં તેમના પતિ પ્રકાશભાઈ ઘોડકીયાને પણ ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટના બાદ ઈજાગ્રસ્ત વિલાશબેન અને તેમના પતિ પ્રકાશભાઈને તાત્કાલિક સારવાર માટે આટકોટની કેડીપી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ વિલાશબેનને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રકાશભાઈની સારવાર શરૂ કરવામાં આવી હતી. મહિલાના મોતના સમાચાર મળતાં પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં આટકોટ પોલીસ તાત્કાલિક જંગવડ ગામે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળે જરૂરી તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કુટુંબીજનો વચ્ચે કયા કારણોસર વિવાદ થયો હતો અને મારામારીમાં કોણ-કોણ સંડોવાયું હતું તે સહિતની બાબતોની તપાસ કરવામાં આવી રહી છે.

કુટુંબીજનો વચ્ચેનો સામાન્ય વિવાદ હિંસક બનતાં એક મહિલાએ જીવ ગુમાવ્યો છે, જ્યારે તેમના પતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. હાલ આટકોટ પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તપાસ બાદ જ ઘટનાનું ચોક્કસ કારણ અને જવાબદારો અંગે વધુ વિગતો સામે આવશે.

ધો. ૧૧-૧૨ સાયંસ ગર્લ્સ સ્કૂલ – હવેથી સવારની
ધો. ૧૧-૧૨ સાયંસ EM સ્કૂલ – સવારની યથાવત
ધો. ૧૧-૧૨ સાયંસ મિશ્ર સ્કૂલ – સવારની યથાવત
★ સ્કૂલનો સમય – સવારે ૦૬:૩૦ થી ૧૨:૪૫ ડેઈલી
★ JEE - NEET - GUJCAT ક્લાસનો સમય સાંજના ૦૫:૦૦ થી ૦૭:૦૦ ડેઈલી
★ કન્ટેઈન & મેચ – Expert & Master ટીચર દ્વારા ટીચીંગ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad 136

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૪	૧૮૫૯

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૨૦	૧૪૯૫
૨	ગીરનાર શીંગ	૧૧૯૫	૧૫૫૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૬૭૫
૪	શિંગદાણા ફાડા	૧૫૦૦	૧૬૨૫
૫	તલ સફેદ	૨૭૦૦	૩૬૮૦
૬	તલ કાળા	૨૬૦૦	૪૧૦૦
૭	તલ કાશ્મીરી	૨૬૦૦	૩૨૬૫
૮	બાજરો	૪૦૦	૬૨૫
૯	જુવાર	૫૬૫	૧૮૦૫
૧૦	ઘઉં ટુકડા	૫૪૦	૬૭૫
૧૧	ઘઉં લોકવન	૫૭૦	૬૭૦
૧૨	મકાઈ	૬૪૦	૬૬૫
૧૩	મગ	૮૮૦	૧૪૨૦
૧૪	અડદ	૧૫૬૦	૧૭૬૫
૧૫	ચણા	૧૦૨૦	૧૫૬૦
૧૬	સફેદ ચણા	૧૩૨૦	૧૪૨૦
૧૭	કપાસ	૧૦૬૦	૧૬૦૦
૧૮	જીરૂ	૨૧૦૦	૫૧૧૦
૧૯	ધાણી	૨૧૧૦	૩૨૬૦
૨૦	મેથી	૧૧૫૦	૧૪૦૦
૨૧	સોયાબીન	૧૦૭૦	૧૫૩૦
૨૨	રજકાનું બી	૨૫૦૦	૬૦૧૦
૨૩	મરચા લાંબા	૨૨૫૦	૫૦૮૦
૨૪	વરીયાળી	૨૪૦૦	૨૪૦૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૦	૧૮૬૮
૨	મગફળી	૧૨૭૬	૧૪૬૦
૩	ચણા	૧૨૭૧	૧૪૮૦
૪	જુવાર	૧૨૬૧	૧૬૫૦
૫	તલ સફેદ	૨૭૫૧	૨૭૫૧
૬	સોયાબીન	૧૪૨૫	૧૪૨૫
૭	અડદ	૧૭૦૦	૧૭૦૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૫૦	૧૬૫૦
૨	શીંગ મોટી	૧૩૬૦	૧૭૩૦
૩	તલ સફેદ	૨૭૦૦	૩૬૫૫
૪	તલ કાળા	૩૨૬૦	૪૦૫૦
૫	જીરૂ	૫૩૦૦	૫૪૦૦
૬	કપાસ	૧૮૦૦	૧૮૮૫
૭	ઘઉં લોકવન	૫૬૦	૬૧૨
૮	ઘઉં ટુકડા	૫૮૫	૬૫૧
૯	બાજરો	૪૦૦	૫૮૦
૧૦	જુવાર	૧૦૦૦	૧૬૬૦
૧૧	અડદ	૧૬૦૦	૧૬૦૮
૧૨	ચણા	૧૨૫૦	૧૪૬૦
૧૩	દેશી ચણા	૧૨૦૦	૧૪૨૧
૧૪	તુવેર	–	૧૪૦૦
૧૫	મેથી	૧૧૦૦	૧૩૦૦
૧૬	ધાણા	૩૦૦૦	૩૩૦૦
૧૭	સોયાબીન	૧૩૫૦	૧૪૫૨

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૬૦	૧૯૩૦
૨	કપાસ મીડીયમ	૧૭૧૦	૧૮૪૦
૩	મગફળી	૧૪૪૦	૧૫૭૫
૪	તલ સફેદ	૩૧૪૦	૩૩૮૦
૫	તલ કાળા	૩૭૩૦	૩૯૨૦
૬	જીરૂ	૪૮૭૦	૫૪૧૧
૭	ચણા	૧૪૩૦	૧૫૦૧
૮	ઘઉં	૫૨૧	૬૦૧
૯	અડદ	૧૭૧૦	૧૮૪૦
૧૦	સોયાબીન	૧૫૦૧	૧૫૧૭

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૩૦	૧૯૧૦
૨	ઘઉં ટુકડા	૫૬૫	૬૦૩
૩	ઘઉં ટુકડા	૫૯૦	૬૦૦
૪	મગફળી	૧૦૩૫	૧૩૬૦
૫	ચણા	૧૩૦૦	૧૪૩૩
૬	સોયાબીન	૧૩૦૦	૧૫૦૧
૭	રાયડો	૧૧૫૦	૧૧૫૦
૮	લસણ	૧૪૦૦	૧૮૬૦
૯	ચણા સફેદ	૧૨૩૦	૧૨૩૦
૧૦	ધાણા	૨૬૦૦	૩૨૦૦
૧૧	તલ સફેદ	૨૬૦૦	૩૫૨૦
૧૨	જીરૂ	૩૩૦૦	૩૩૦૦
૧૩	શીંગદાણા	૧૬૦૦	૧૬૦૦
૧૪	તલ કાળા	૩૬૫૦	૩૬૫૦
૧૫	વાલ	૯૦૦	૯૦૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૭૭૬	૧૮૮૬
૨	મગફળી	૧૧૦૦	૧૫૧૧
૩	ઘઉં	૫૯૫	૬૦૬
૪	ચણા	૧૩૦૦	૧૪૭૨
૫	તુવેર	૧૩૦૦	૧૮૦૧
૬	ધાણા	૩૦૦૦	૩૦૦૦
૭	તલ સફેદ	૩૩૦૦	૩૩૦૦
૮	તલ કાળા	૩૭૦૦	૩૭૦૦
૯	અડદ	૧૭૫૦	૧૭૫૦
૧૦	કલોંજી	૩૫૦૦	૪૭૦૦
૧૧	શીંગદાણા	૧૭૨૫	૧૭૨૫
૧૨	સોયાબીન	૧૪૪૫	૧૪૭૪

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૮૦	૧૫૦૪
૨	તલ સફેદ	૨૨૦૦	૩૫૦૦
૩	તલ કાળા	૩૪૦૦	૩૪૦૦
૪	કપાસ	૧૭૭૫	૧૮૭૦
૫	બાજરો	૬૧૧	૬૨૫
૬	ઘઉં ટુકડા	૫૮૦	૭૨૧
૭	જુવાર	૧૪૦૧	૧૮૦૦
૮	અડદ	૧૫૦૦	૨૧૦૨
૯	ચણા	૧૦૫૧	૧૫૨૨
૧૦	મેથી	૧૧૫૦	૧૧૫૦
૧૧	સોયાબીન	૧૪૨૫	૧૫૨૦
૧૨	કાંગ	૯૫૦	૯૫૦

રાજ્યભરમાં હોટલ-રેસ્ટોરન્ટનું સઘન ચેકિંગ

ગુજરાતમાં ખાણીપીણીના એકમો સામે સરકારની લાલ આંખ

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ 'ઓપરેશન હેલ્થ' શરૂ, હોટલ-રેસ્ટોરન્ટના રસોડામાં ગંદકી અને શંકાસ્પદ ખાદ્ય પદાર્થો સામે તંત્રની તવાઈ

અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાઓમાં પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે સવાલો ઊભા થતાં આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાણીપીણીના એકમો સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ ૧૯ નવેમ્બરથી સમગ્ર ગુજરાતમાં 'ઓપરેશન હેલ્થ' અંતર્ગત ફૂડ સેફ્ટી મેગા ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. વડોદરા, ગાંધીનગર અને આણંદ સહિતના શહેરોમાં આરોગ્ય વિભાગની ટીમોએ હોટલ-રેસ્ટોરન્ટમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેમાં એક્સપાયરી ડેટવાળી વસ્તુઓ અને અસ્વચ્છતા સામે આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર આવેલી હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાઓનું સઘન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી માટે મહાનગરપાલિકાઓ અને જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત FoSCoS પોર્ટલના માધ્યમથી ફૂડ એકમોનું ઓનલાઈન ઈન્સ્પેક્શન પણ કરવામાં આવ

વડોદરામાં VMCની આરોગ્ય ટીમે ગોલ્ડન ચોકડીથી ધુમાડ ચોકડી સુધીની હોટલો અને રેસ્ટોરન્ટમાં તપાસ કરી હતી. આ દરમિયાન ઓમ ખેતેશ્વર રેસ્ટોરન્ટમાંથી એક્સપાયરી ડેટવાળી વસ્તુઓ મળી આવી હતી. જેને પગલે સંચાલકને નોટિસ ફટકારવામાં આવી હતી.

આ ઉપરાંત રેસ્ટોરન્ટમાં સાફ-સફાઈનો અભાવ અને અસ્વચ્છ પરિસ્થિતિ જોવા મળતાં શિડ્યુલ-૪ હેઠળ નોટિસ આપી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ગાંધીનગર-વિસનગર હાઈવે પર રાંધેજા ચોકડી પાસે આવેલી હોટલમાં ફૂડ વિભાગે તપાસ હાથ ધરી હતી. જેમાં ફૂડ લાયસન્સ, રસોડાની સ્વચ્છતા અને રસોઈમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી.

બીજી તરફ આણંદમાં ફૂડ ઈન્સ્પેક્ટરે ઓચિંતી તપાસ દરમિયાન ગેલોપ્સ રેસ્ટોરન્ટના રસોડામાંથી શંકાસ્પદ પનીર, સબ્જી અને ગ્રેવીના સેમ્પલ લીધા હતા. એક્સપાયરી તારીખવાળા મસાલાના પેકેટનો પણ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સત્યનારાયણ હોટલ અને નાસ્તાના સ્ટોલમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

ઓપરેશન હેલ્થ અંતર્ગત હોટલ અને રેસ્ટોરન્ટના રસોઈયા તથા કર્મચારીઓ માટે કેપ, એપ્રોન અને હેન્ડ ગ્લોવ્ઝ પહેરવા ફરજિયાત કરવામાં આવ્યા છે. શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના સ્થળ પર જ સેમ્પલ લેવામાં આવશે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા સ્થળ પર જ ટેસ્ટિંગની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

નિયમોનો ભંગ કરનારા એકમોને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવશે. ગંભીર ગેરરીતિ જણાય તો લાયસન્સ સસ્પેન્ડ કરવા અથવા કાયમી ધોરણે રદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે.

રાજ્ય સરકારની આ મેગા ડ્રાઈવથી હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકોમાં ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવાની જવાબદારી વધી છે. જોકે, આ અભિયાનની ખરી સફળતા માત્ર તપાસ અને નોટિસ પૂરતી મર્યાદિત ન રહેતાં લોકો સુધી સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન પહોંચે તેમાં રહેલી છે. હવે લેબોરેટરીના રિપોર્ટ બાદ તંત્ર શું કાર્યવાહી કરે છે અને રાજ્યભરમાં આ તપાસ કેટલી અસરકારક બને છે તેના પર સૌની નજર રહેશે.

૫ કરોડની ખંડણી માટે દુબઈમાં રચાયું હતું કાવતરું

વાપીમાં જ્વેલર્સના ભાઈ પર જીવલેણ હુમલાનો ભેદ ઉકેલાયો

દુબઈની જેલમાં બંધ હેરીના ઇશારે હુમલો કરાયાનો પોલીસ તપાસમાં ખુલાસો; ત્રણ આરોપીઓ ઝડપાયા

વાપી, તા.૧૯

ઔદ્યોગિક નગરી વાપીના ગાંધી માર્કેટ વિસ્તારમાં અભિષેક જ્વેલર્સના માલિક પ્રદીપ શાહના ભાઈ લલિત શાહ પર ધોળા દિવસે ધારદાર હથિયારોથી કરવામાં આવેલા જીવલેણ હુમલાના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. વલસાડ જિલ્લા પોલીસની પ્રાથમિક તપાસમાં આ હુમલો રૂપિયા પાંચ કરોડની ખંડણી વસૂલવા માટે કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર કાવતરાના તાર દુબઈ સુધી જોડાયેલા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડી આઠ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાપીના ગાંધી માર્કેટ વિસ્તારમાં આવેલી અભિષેક જ્વેલર્સના માલિક પ્રદીપ શાહના ભાઈ લલિત શાહ પર કેટલાક શખ્સોએ અચાનક ચાકુ, છરી અને કોયતા જેવા તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર બજાર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ગંભીર રીતે ઘાયલ લલિત શાહને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વાપી ટાઉન પોલીસ સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં મૂળ પંજાબના લવપ્રીતસિંહ નિર્મલસિંહ, જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ અને અમોલકસિંહ બક્ષિસસિંહની સંડોવણી સામે આવતાં ત્રણેયને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ જ્વેલર્સ સંચાલકો પાસેથી પાંચ કરોડ રૂપિયાની ખંડણી મેળવવાના ઈરાદે હુમલાનું કાવતરું ઘડ્યું હતું. હુમલા પહેલાં આરોપીઓએ વેપારીઓની રેકી કરી હતી અને તક મળતાં હુમલાને અંજામ આપ્યો હતો.

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, આરોપી જુગરાજ ઉર્ફે યુવરાજ અગાઉ દુબઈમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. અકસ્માતના એક ગુનામાં દુબઈની જેલમાં હતો ત્યારે તેની મુલાકાત મૂળ પંજાબના હરજિંદરસિંહ ઉર્ફે હેરી ઢિલ્લોન સાથે થઈ હતી. હેરી પોતાને ગેંગસ્ટર તરીકે ઓળખાવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

હેરીએ અગાઉ પણ જુગરાજને મુંબઈમાં એક ઈન્ટિરિયર ડેકોરેશન સર્વિસની ઓફિસમાં તોડફોડ કરવાનું કામ સોંપ્યું હોવાની વિગતો સામે આવી છે. ત્યારબાદ થોડા દિવસ પહેલાં હેરીએ જુગરાજનો સંપર્ક કરીને વાપીના જ્વેલર્સ સંચાલકો પાસેથી પાંચ કરોડ રૂપિયાની ખંડણી માગવા અને રકમ ન મળે તો હુમલો કરવા સૂચના આપી હતી. આ કામ માટે ત્રણેય આરોપીઓને રૂપિયા ૫૦-૫૦ હજાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

પોલીસ તપાસ અનુસાર, ત્રણેય આરોપીઓ ૧૨મી તારીખે ટ્રેન મારફતે અમૃતસરથી વાપી આવ્યા હતા. અહીં એક હોટલમાં રોકાઈ તેમણે જ્વેલર્સ સંચાલકોની અવરજવર અને દિનચર્યાની રેકી કરી હતી. ત્યારબાદ ભોગ બનનાર લલિત શાહ બાથરૂમ માટે ગયા ત્યારે તકનો લાભ લઈ તેમના પર ધારદાર હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો.

હાલમાં ત્રણેય આરોપીઓ પોલીસ રિમાન્ડ હેઠળ છે. બીજી તરફ, સમગ્ર કાવતરાનો મુખ્ય સૂત્રધાર હોવાનું મનાતા હેરી ઢિલ્લોનની ભૂમિકા અને દુબઈ કનેક્શન અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

અંબરિષ ડેર એટલે હોદ્દો હંગામી, ખુમારી કાયમી સત્તાથી પર, લોક હૈયે અમર ઓળખ

અમરેલી, તા. ૧૯

રાજકારણની દુનિયામાં વ્યક્તિઓના અનેક પ્રકાર જોવા મળે છે. કેટલાક એવા હોય છે કે રાજકારણમાં પ્રવેશ કરે એ પહેલાં જ લોકો એમને ઓળખતા હોય છે. એમની લોકચાહનાં, એમનું વ્યક્તિત્વ અને લોકો સાથેનો ઘરોબો જ એમને રાજકારણનાં દરવાજા સુધી લઈ આવે છે.



કેટલાક એવા હોય છે કે રાજકારણમાં આવ્યા પછી ઓળખ ઊભી કરે છે. વળી, કેટલાક એવા પણ હોય છે કે વર્ષો સુધી રાજકીય હોદ્દા પર રહ્યા હોવા છતાં સામાન્ય માણસ એમને નામથી તો ઠીક, ચહેરાથી પણ ઓળખી શકતો નથી. અખબારમાં નામ વાંચ્યું હોય, સમાચારની પટ્ટીમાં જોયા હોય, પણ રૂબરૂ સામે આવી જાય તો ઓળખી ન શકે. કારણ કે રાજકારણમાં હોદ્દો મળવો અને લોક માનસમાં સ્થાન મળવું એ બંને તદ્દન જુદી બાબતો છે.

પણ આજે વાત એક એવા વ્યક્તિત્વની કરવી છે, જેમની ઓળખને કોઈ હોદ્દાની મહોરની જરૂર નથી. જેમના નામની આગળ કઈ ખુરશી છે, કયો રાજકીય દરજો છે કે અત્યારે કઈ જવાબદારી છે, એ બાબત એમના ચાહકો માટે ગૌણ છે. કારણ કે એમના ચાહકો કોઈ ખુરશીને ચાહતા નથી, કોઈ સત્તાને ચાહતા નથી, કોઈ રાજકીય પક્ષનાં પદને ચાહતા નથી; તેઓ ચાહે છે એ માણસને, એના સ્વભાવને, એના સ્વાભિમાનને, એની બોલવાની ખુમારીને અને એના વ્યક્તિત્વનાં આગવા વટને. એ નામ એટલે અંબરિષ ડેર

તેઓએ લોકચાહનાને માત્ર અમરેલી જિલ્લા કે રાજુલા, જાફરાબાદ અને ખાંભાનાં કાર્યક્ષેત્રનાં સીમાડામાં બાંધી શકાય એવી નથી. એમની ઓળખનો વ્યાપ એ સીમાડાઓથી ઘણો આગળ વિસ્તરેલો છે. ગુજરાતનાં અનેક વિસ્તારોમાં, ખાસ કરીને યુવાનોમાં, એમના પ્રત્યેનો લગાવ અને એમના વ્યક્તિત્વ પ્રત્યેનું આકર્ષણ જોવા મળે છે. માણસ પોતાના વિસ્તારનો ધારાસભ્ય ન હોય, પોતાના ગામનો પ્રતિનિધિ ન હોય, છતાં એના નામથી પરિચિત હોય, એની સભા સાંભળવાની ઇચ્છા ધરાવતો હોય, એની વાણી અને વ્યક્તિત્વની ચર્ચા કરતો હોય, તો એ ઓળખ પાછળ માત્ર રાજકીય હોદ્દો જવાબદાર ન હોઈ શકે. ત્યાં વ્યક્તિનાં વ્યક્તિત્વનો પ્રભાવ કામ કરતો હોય છે.

તેઓ ધારાસભ્ય રહ્યા છે. રાજુલા વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈને ગુજરાતની વિધાનસભામાં પહોંચ્યા હતા. પરંતુ એમના વ્યક્તિત્વની ચર્ચા માત્ર ધારાસભ્ય તરીકેની પાંચ વર્ષની રાજકીય સફર પૂરતી સીમિત નથી. હકીકતમાં, કોઈ વ્યક્તિની લોક ચાહનાની સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે એની પાસેનો હોદ્દો જતો રહે. સત્તાનાં સૂરજની આસપાસ તો અનેક લોકો ભેગા થાય છે, પરંતુ હોદ્દાનો સૂરજ આથમે ત્યારે પણ જે માણસની આસપાસ લોકોનો સ્નેહ અકબંધ રહે, ત્યાં કોઈ અલગ જ વાત હોય છે. તેઓનાં સંદર્ભમાં આ બાબત ખાસ નોંધવા જેવી છે.

ગુજરાતનાં રાજકીય માહોલમાં એમની ચૂંટણીની હાર પછી પણ ચર્ચાનો એક મોટો હિસ્સો એમની હાર અને એના કારણો વિશે રહ્યો હતો. કોઈ રાજકીય વ્યક્તિની જીતની ચર્ચા કરતાં એની હારની ચર્ચા વધુ થતી હોય, તો એ ઘટનાને માત્ર ચૂંટણીનાં આંકડાઓથી સમજવી મુશ્કેલ બને છે. મતપેટીમાં મળેલા આંકડા અને લોકોના મનમાં રહેલી લાગણી હંમેશાં એક જ ત્રાજવે તોળાતી નથી. ચૂંટણીનું પરિણામ લોકશાહીનો નિર્ણય છે, પરંતુ એ પરિણામથી કોઈ વ્યક્તિ પ્રત્યેની લોકચર્ચા કે લોકલાગણીનો અંત આવી જાય એવું જરૂરી નથી.

તેઓના વ્યક્તિત્વમાં એક બાબત ખાસ ધ્યાન ખેંચે છે અને એ છે એમનો સ્વાભિમાન. દરેક માણસની પોતાની એક ઓળખ હોય છે, પરંતુ દરેક માણસ એ ઓળખને જાળવી રાખવાની હિંમત ધરાવતો નથી. ક્યારેક હોદ્દા માટે માણસે પોતાની ઓળખ સાથે બાંધછોડ કરવી પડે છે, ક્યારેક પ્રસિદ્ધિ માટે પોતાના સ્વભાવને ઢાળવો પડે છે, તો ક્યારેક સત્તાનાં દરબારમાં હાજરી પુરાવવા માટે પોતાની ખુમારીને બાજુ પર મૂકવી પડે છે. પરંતુ જે માણસ પોતાના સ્વભાવની આગવી ઓળખ સાથે જીવે છે, એના માટે ખુરશી જીવનનું અંતિમ લક્ષ્ય નથી હોતી. અંબરિષનાં ચાહકોમાં એમના સ્વાભિમાન અને ખુમારી પ્રત્યેનો લગાવ પણ આ જ કારણે ચર્ચામાં રહે છે.

કુદરત પણ દરેક માણસને એકસાથે બધું આપતી નથી. કોઈને સંપત્તિ મળે છે, કોઈને સત્તા મળે છે, કોઈને યુવાનીનું જોમ મળે છે. પરંતુ આ ત્રણેય બાબતો એકસાથે મળે અને છતાં માણસ પોતાના વ્યક્તિત્વની છાપ, પોતાના સંબંધોની ઉષ્મા અને લોકો સાથેનો ઘરોબો જાળવી રાખે, એ સરળ બાબત નથી. આર્થિક રીતે સધ્ધર પરિવારમાંથી આવવું, જાહેર જીવનમાં સત્તા અને જવાબદારીનો અનુભવ મેળવવો તથા યુવાનીના જોમ સાથે પોતાની આગવી ઓળખ ઊભી કરવી—આ બધાની વચ્ચે માણસનું વર્તન, બોલચાલ અને સંબંધો જ એની સાચી ઓળખ ઊભી કરે છે.

તેઓની બોલવાની છટા પણ એમના વ્યક્તિત્વનો એક આગવો ભાગ છે. એમની વાણીમાં રહેલો આત્મવિશ્વાસ, વાત રજૂ કરવાની છટા અને જાહેર મંચ પરની હાજરી એમને અલગ ઓળખ આપે છે. કેટલાક માણસો બોલે ત્યારે શબ્દો સંભળાય છે, જ્યારે કેટલાક માણસો બોલે ત્યારે એમના શબ્દોની સાથે એમનું વ્યક્તિત્વ પણ બોલતું હોય છે. વાણી માત્ર અવાજ નથી હોતી; એ માણસનાં વિચારો, સ્વભાવ, હિંમત અને અંદરની ખુમારીનું પ્રતિબિંબ પણ હોય છે. અંબરિષભાઈને સાંભળતા એમના ચાહકો જે બાબતનો અનુભવ કરે છે, એમાં આ વાણીની આગવી ભૂમિકા છે.

અને હા, એમના મિત્રવર્તુળ, સંબંધો અને લોકો સાથેના સંપર્કોની વાત પણ અલગ છે. જાહેર જીવનમાં ઓળખાણો તો ઘણાની હોય છે, પરંતુ ઓળખાણ અને સંબંધ વચ્ચે જમીન-આસમાનનો ફેર છે. ઓળખાણ હોદ્દા સાથે બદલાઈ શકે, સંબંધો સમય સાથે કસોટીમાંથી પસાર થાય છે. માણસ પાસે હોદ્દો હોય ત્યારે મળવા આવતા લોકોની ભીડ હોય એ સામાન્ય બાબત છે, પરંતુ હોદ્દો ન હોય ત્યારે પણ જે લોકો સ્નેહથી જોડાયેલા રહે, એ સંબંધોની સાચી મૂડી છે.

આખરે, રાજકારણમાં હોદ્દાઓ બદલાતા રહેવાના, ખુરશીઓ આવતી-જતી રહેવાની, ચૂંટણીનાં પરિણામો બદલાતાં રહેવાનાં. આજે જે સત્તામાં છે એ કાલે વિપક્ષમાં હોઈ શકે અને આજે જેની પાસે કોઈ હોદ્દો નથી એ આવતીકાલે જવાબદારીનાં શિખરે પહોંચી શકે. આ રાજકારણની સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ એકવાત ચોક્કસ છે કે માણસની ઓળખ જો માત્ર હોદ્દા પર ટકેલી હોય તો હોદ્દો જતાં એ ઓળખ પણ ઝાંખી પડી શકે. જયારે માણસની ઓળખ પોતાના વ્યક્તિત્વ, સ્વાભિમાન, વાણી અને સંબંધો પર ઊભી થઈ હોય ત્યારે ખુરશીનું આવવું-જવું એની ઓળખનો પાયો હલાવી શકતું નથી.

તેઓની વાતનો સાર પણ કદાચ અહીં જ સમાયેલો છે. એમના માટે કયો રાજકીય હોદ્દો છે કે નથી, એના કરતાં એમના નામ સાથે જોડાયેલા લોકોનો સ્નેહ અને એમના વ્યક્તિત્વની ઓળખ વધુ ચર્ચાનો વિષય છે. કારણ કે લોક પ્રિયતાનો સાચો અર્થ માત્ર ચૂંટણીમાં મળેલા મત નથી, સભામાં ઉમટેલી ભીડ નથી કે સોશ્યલ મીડિયાનાં આંકડા પણ નથી. માણસની ગેરહાજરીમાં પણ એની ચર્ચા થતી રહે, હોદ્દો ન હોય છતાં એનું નામ લોકોની જીભે રહે અને કોઈ રાજકીય દરજા વગર પણ એના વ્યક્તિત્વની નોંધ લેવાતી રહે, એ પણ લોક ચાહનાનું એક આગવું સ્વરૂપ છે.

ખુરશી પર બેસનારાઓ તો અનેક હોય છે, પણ ખુરશી વગર પણ જેની ઓળખ અકબંધ રહે, એ માણસની વાત જ કંઈક જુદી હોય છે. હોદ્દો માણસના નામની આગળ લખાય છે, વ્યક્તિત્વ માણસનાં નામની પાછળ ઇતિહાસ લખે છે.

અંબરિષ ડેર—એક એવું નામ, જેની ચર્ચા માત્ર રાજકીય હોદ્દાની આસપાસ નહીં, પરંતુ વ્યક્તિત્વ, સ્વાભિમાન, ખુમારી અને લોક ચાહનાનાં સંદર્ભમાં પણ થતી રહે છે.

કે.કરુણાકરણની પુત્રીએ ભાજપમાંથી આપ્યું રાજીનામું

ભાજપમાં જોડાઈને ભૂલ કરી : પદ્મજા વેણુગોપાલ

કેરળના રાજકારણમાં નવી ચર્ચા શરૂ, ૨૦૨૪માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયાં હતાં પદ્મજા; ફરી કોંગ્રેસમાં ઘરવાપસીની અટકળો તેજ

તિરુવનંતપુરમ, તા.૧૯

કેરળના રાજકારણમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમ સામે આવ્યો છે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કે. કરુણાકરણની પુત્રી પદ્મજા વેણુગોપાલે ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે.

ભાજપમાં જોડાવાના પોતાના નિર્ણયને ભૂલ ગણાવતાં તેમણે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. તેમના રાજીનામા બાદ હવે તેઓ ફરી કોંગ્રેસમાં જોડાશે કે કેમ તે અંગે અટકળો તેજ બની છે.

પદ્મજા વેણુગોપાલે જણાવ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે કે તેઓ ભાજપમાંથી રાજીનામું આપી ચૂક્યાં છે, જોકે આ અંગે તેમણે હજુ સુધી બહુ ઓછા લોકોને જાણ કરી છે. પદ્મજા વેણુગોપાલ ૭ માર્ચ, ૨૦૨૪ના રોજ ભાજપમાં જોડાયાં હતાં. ભાજપમાં જોડાતાં પહેલાં તેઓ કોંગ્રેસમાં સક્રિય હતાં અને કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (KPCC)માં મહાસચિવ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યાં હતાં. તેમના ભાજપ પ્રવેશ સમયે કેરળના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ હતી. હવે ભાજપ છોડવાના તેમના નિર્ણયથી ફરી એકવાર રાજ્યના રાજકારણમાં પક્ષપલટાની ચર્ચાઓ શરૂ થઈ છે. પદ્મજાના રાજીનામા બાદ તેઓ ફરી કોંગ્રેસમાં જોડાઈ શકે છે તેવી અટકળો વહેતી થઈ છે. જોકે, કોંગ્રેસમાં પુનઃપ્રવેશ અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ હોવાની માહિતી સામે આવી નથી. તેથી તેમના આગામી રાજકીય પગલાં પર સૌની નજર રહેશે.

પદ્મજા વેણુગોપાલ કેરળના પૂર્વ મુખ્યમંત્રી કે. કરુણાકરણનાં પુત્રી છે. કે. કરુણાકરણ કેરળના રાજકારણમાં લાંબા સમય સુધી સક્રિય રહ્યા હતા અને ચાર વખત મુખ્યમંત્રી પદે રહી ચૂક્યા હતા. તેમણે રાજ્યની સાથે રાષ્ટ્રીય રાજકારણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમના પરિવારના અન્ય સભ્ય કે. મુરલીધરન પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે. આ રાજકીય પૃષ્ઠભૂમિને કારણે પદ્મજાના પક્ષપલટા અને હવે રાજીનામાના નિર્ણયને વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

ભાજપમાં જોડાયા બાદ પદ્મજા વેણુગોપાલે ત્રિશૂર બેઠક પરથી ચૂંટણી પણ લડી હતી. અહેવાલ મુજબ તેમને આશરે ૨૩ ટકા મત મળ્યા હતા અને તેઓ ત્રીજા સ્થાને રહ્યાં હતાં. હવે ભાજપમાંથી રાજીનામા બાદ તેઓ કઈ રાજકીય દિશા પસંદ કરે છે અને કોંગ્રેસમાં પાછાં ફરે છે કે નહીં તે જોવું મહત્ત્વપૂર્ણ રહેશે. તેમના આગામી નિર્ણયની કેરળના રાજકીય સમીકરણો પર કેવી અસર પડશે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

૧૪ જિલ્લાના ૪૮ હજારથી વધુ લાભાર્થીઓને લાભ

આદિવાસી ખેડૂતોને રવિ સિઝનમાં પણ મળશે મફત બિયારણ-ખાતર

યોજનાનો રવિ સિઝનમાં વિસ્તાર; એક એકર જમીન માટે બિયારણ અને ત્રણ પ્રકારના ખાતરની કિટ અપાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોના ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે બિયારણ અને ખાતર સહાય યોજનાનો વ્યાપ વધારીને હવે રવિ સિઝનમાં પણ તેનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

અત્યાર સુધી આ યોજના માત્ર ખરીફ સિઝન પૂરતી જ મર્યાદિત હતી, પરંતુ હવે ૧૪ આદિવાસી જિલ્લાના ૪૮,૦૦૦થી વધુ લાભાર્થી ખેડૂતોને રવિ સિઝનમાં પણ મફત બિયારણ અને ખાતર પૂરાં પાડવામાં આવશે. આ યોજના હેઠળ અગાઉ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી અને હાલ લાભાર્થીઓને કિટ વિતરણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સરકારની આ પહેલને લઈને રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આદિવાસી વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓના આદિવાસી પટ્ટાના પ્રવાસો અને રવિ સિઝનમાં સહાય શરૂ કરવાના નિર્ણયને આદિવાસી મતદારો સુધી પહોંચવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

યોજનાના નિયમો મુજબ, પ્રત્યેક લાભાર્થી ખેડૂતને એક એકર જમીન માટે યોગ્ય પાકનું બિયારણ તેમજ ત્રણ પ્રકારના ખાતર—પ્રોમ (PROM) ખાતરની ૫૦ કિલોની એક બેગ, એમોનિયમ સલ્ફેટ ખાતરની ૫૦ કિલોની એક બેગ અને એનપીકે (NPK) કોન્સોર્ટિયાની એક બોટલ આપવામાં આવશે. અગાઉ ખરીફ સિઝનમાં મગફળી, સોયાબીન, જુવાર, ડાંગર, રીંગણ, અડદ, તુવેર, રાગી, ભીંડા અને બાજરી સહિતના પાકોમાંથી કોઈ એકના બિયારણની સહાય અપાતી હતી.

ભૌગોલિક સ્થિતિ અને આબોહવા અનુસાર ૧૪ જિલ્લાઓને બે ઝોનમાં વહેંચીને બિયારણની ફાળવણી કરાઈ છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, મહિસાગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લાના ખેડૂતોને મુખ્ય પાક તરીકે ઘઉં, ચણા અને મકાઈનું બિયારણ તેમજ શાકભાજીમાં ટમેટા, રીંગણ કે ભીંડા પૈકી કોઈ એક પાકનું બિયારણ અને ખાતર અપાશે. બીજી તરફ, દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના ખેડૂતોને મુખ્ય પાક તરીકે ભીંડા, ટમેટા, દૂધી અને કાકડીનું બિયારણ તેમજ પૂરક પાક તરીકે રીંગણ અથવા બ્રોકલીનું બિયારણ ખાતર સાથે પૂરું પાડવામાં આવશે.

અમૂલના દૂધ-દહીં-લસ્સી મોંઘા અને છાશની માત્રા ઘટી

સુરતીઓને મોંઘવારીનો ઝટકો; સુમુલ ગાયના દૂધમાં ૨ વધારો

GCMMF દ્વારા અમૂલ દૂધ, દહીં અને લસ્સીના ભાવમાં વધારો, જ્યારે છાશના ભાવ યથાવત રાખી પેકિંગમાં ઘટાડો

સુરત, તા. ૧૯

સુરતના દૂધ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. સુમુલ ડેરીએ ગાયના દૂધના ૫૦૦ મિલી (ML)ના ભાવમાં રૂપિયા ૨નો વધારો કર્યો છે, જે આજ બપોરથી અમલી બન્યો છે. આ સાથે સુમુલ ગાયના દૂધના ૫૦૦ મિલીનો ભાવ રૂપિયા ૩૦થી વધીને રૂપિયા ૩૨ થઈ ગયો છે. પશુઆહાર, ઘાસચારો અને પરિવહન ખર્ચમાં થયેલા વધારાને કારણે આ ભાવવધારો કરાયો હોવાનું જણાવાયું છે, જેનાથી સુરતના લાખો પરિવારોના ઘરનું બજેટ પ્રભાવિત થશે. આ અગાઉ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) એટલે કે અમૂલ દ્વારા પણ ઉત્પાદન ખર્ચ વધવાના કારણે દૂધ, દહીં અને લસ્સીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે:દૂધના નવા ભાવ: અમૂલ ગોલ્ડ ૧ લિટરના ભાવ રૂપિયા ૭૨થી વધારીને રૂપિયા ૭૬, અમૂલ શક્તિ ૫૦૦ મિલીના ભાવ રૂપિયા ૩૩થી વધારીને રૂપિયા ૩૫ અને અમૂલ તાજા ૫૦૦ મિલીના ભાવમાં રૂપિયા ૧નો વધારો કરી રૂપિયા ૩૦ કરાયા છે.

દહીં અને લસ્સી: અમૂલ મસ્તી દહીંના ૧ કિલોગ્રામના ભાવમાં રૂપિયા ૫નો વધારો થતાં નવો ભાવ રૂપિયા ૮૫ થયો છે, જ્યારે ૩૮૦ ગ્રામના પેકેટનો ભાવ રૂપિયા ૩૭ કરાયો છે. ૧ કિલો અમૂલ મસ્તી દહીં બકેટના ભાવમાં રૂપિયા ૫નો વધારો થઈને નવો ભાવ રૂપિયા ૧૨૦ થયો છે. તેમજ અમૂલ પ્રો-બાયોટિક રોઝ લસ્સીના ભાવમાં રૂપિયા ૨નો વધારો થતાં કિંમત રૂપિયા ૧૭ થઈ છે.

છાશની માત્રામાં ઘટાડો: અમૂલે છાશના ભાવ યથાવત રાખ્યા હોવા છતાં પેકેટમાં માત્રા ઘટાડી છે. રૂપિયા ૨૦માં મળતી છાશ હવે ૬૫૦ મિલીને બદલે ૬૨૦ મિલી મળશે, જ્યારે રૂપિયા ૧૦ના પેકેટમાં ૩૦૦ મિલીના સ્થાને ૨૮૦ મિલી છાશ મળશે.

આ તમામ ફેરફારોને પગલે સામાન્ય ગ્રાહકોના રસોડાના માસિક બજેટ પર મોંઘવારીનો વધારાનો બોજ પડ્યો છે.

૨૦ નવેમ્બરની રાતથી વિધિવત પ્રારંભ

ગિરનારની લીલી પરિક્રમા પૂર્વે જ ભવનાથમાં શ્રદ્ધાળુઓનો ધસારો

જૂનાગઢ, તા. ૧૯

કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી યોજાતી પવિત્ર ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ ૨૦ નવેમ્બરની (શુક્રવાર) રાત્રિથી થવાનો છે, પરંતુ તેના પહેલાં જ જૂનાગઢના ભવનાથ ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ભક્તો પરિક્રમાના પ્રવેશદ્વાર ઈટવા ગેટ પાસે એકઠા થયા છે અને વહેલી તકે ગેટ ખોલવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે. પરિક્રમા શરૂ થવાને હજુ સમય બાકી હોવા છતાં ભવનાથ અને ગિરનારની તળેટીમાં ભક્તિ, ઉત્

અમરેલીનું સૌથી જુનું અને જાણીતું
ટેસ્ટટ્યુબ બેબી (IVF) સેન્ટર
:: ઉપલબ્ધ યોજનાઓ ::
આયુષ્માન ભારત યોજના, મેડિક્લેઇમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ, GEB/GETCO ના
કર્મચારી તથા તેમના પરિવારને કેશલેસ સારવાર
નોર્મલ તથા સિઝેરીયન ડિલીવરી, ગર્ભાશય (કોથળી) ના
ઓપરેશન, વ્યંધત્વની સારવાર,
સ્ત્રીરોગોની સારવાર
24/7 Emergency Services
NABH
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

ઘી, દૂધ, મરી–મસાલા સહિતનાં ખાદ્ય પદાર્થોમાં વ્યાપક પ્રમાણમાં ભેળસેળ થતી હોવાથી

અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે ખાદ્ય સામગ્રીની ચકાસણી માટે લેબોરેટરી શરૂ કરો

જનતાને શુધ્ધ ખાદ્ય સામગ્રી જ ન મળે તો અન્ય વિકાસ શું કામનો બનવાનો છે

જિલ્લાની ૧૫ લાખ જનતાનાં આરોગ્યની જવાબદારી માત્ર ૨ થી 3 કર્મચારીઓ ઉપર

જિલ્લાનાં દરેક તાલુકા મથકોએ ફૂડ વિભાગની કચેરી કાર્યરત કરવી જોઈએ

જિલ્લામાં ખાદ્ય સામગ્રીની ચકાસણી માટે ૧૦૦ લેબની જરૂરિયાત







અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં વેચાતી ખાદ્યસામગ્રી કે આરોગ્ય માટે યોગ્ય છે કે નહી તેની ચકાસણી કરવા માટે જિલ્લાનાં દરેક તાલુકા મથકો, મોટા શહેરોનાં દરેક વોર્ડ અને મોટા ગામોમાં ખાદ્યસામગ્રીની ગુણવત્તાની ચકાસણી માટે ઓછામાં ઓછી ૧૦૦ લેબોરેટરી અને દરેક તાલુકા મથકોએ ફૂડ વિભાગની કચેરી કાર્યરત કરવી જરૂરી બની છે.

આપણા સુખ માટેનાં અનેક કારણો દર્શાવાયા છે જેમાં "પહેલું સુખ તે જાતે નર્યા" કહેવત છે. જો નાગરિકો પાસે તંદુરસ્ત આરોગ્ય જ નહી હોય તો સત્તા, સંપત્તિ કે અન્ય કોઈ સુખ કામના નથી.

અમરેલી જિલ્લામાં આજે ૧૫ લાખની જનતા વચ્ચે માત્ર ફૂડ વિભાગની એક જ કચેરી છે અને તેમાં પણ ૨ થી ૩ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. જિલ્લામાં આજે દૂધ, ઘી, માખણ, પનીર, મરી–મસાલા, મિઠાઈ, આઈસ્ક્રીમ સહિતની સેંકડો ખાદ્ય સામગ્રીમાં વ્યાપક પ્રમાણમાં ભેળસેળ થઈ રહી છે. શુધ્ધ ઘી કે માખણ મેળવવું મુશ્કેલ બની ગયું છે. નફાખોરો અને ભેળસેળીયા તત્વો બેખૌફ બનીને જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે.

જિલ્લામાં માર્ગો બને કે મકાનો બને, બગીચાઓ બને કે શાળાઓ બને તે જરૂર છે પરંતુ, સૌથી વધુ જરૂરી છે ખાદ્ય સામગ્રી આરોગ્યપ્રદ મળે તે અને આ માટે રાજય સરકારે ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે.

સમગ્ર વસ્તપરા દ્વારા શુભકામના પાઠવાઈ

બાબરા : ચમારડીનાં વતની ગોપાલભાઈ વસ્તપરાનાં પૌત્ર ''શિવાંશ''નો આજે જન્મદિન

આજે ચમારડી ખાતે ''જન્મદિન''ની કરાશે ઉજવણી

બાબરા, તા. ૧૯

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તપરાનાં પૌત્ર ''શિવાંશ''નાં જન્મદિવસ આવતીકાલ શુક્રવારે હોય સમગ્ર વસ્તપરા પરિવાર, સમસ્ત ગ્રામજનો, મિત્રો, શુભેચ્છકો દ્વારા ચિ. શિવાંશને જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

બાબરાનાં ચમારડી ગામે શુક્રવારે સાંજે ૭ કલાકે ગ્રામનાં બાળકો, યુવાનો, વડિલોની ઉપસ્થિતિમાં ચિ. શિવાંશના જન્મદિનની ઉજવણી કરવામાં આવશે.



સાવરકુંડલા : સવાર–સાંજ ગુલાબી ઠંડીનો ચમકારો

લઘુત્તમ તાપમાનમાં ૨ થી 3 ડિગ્રી ઘટાડાની શક્યતા

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા શહેરમાં પણ આજથી ગુલાબી ઠંડીનો ચમકારો થતાં હવે શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધશે એવી સંભાવનાં છે. આમ નવેમ્બર મહિનાનાં અંતિમ તબક્કામાં પ્રવેશતા હવે રાજયમાં શિયાળાની સાચી જમાવટ થાય તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધવાની પૂરી સંભાવનાં છે અને લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાઈ શકે છે. તાપમાનમાં આ ઘટાડા સાથે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધુ તીવ્ર બનશે.

ઉલ્લેખનીય છે કે નવેમ્બરનાં ત્રણ સપ્તાહ વીતી ગયા હોવા છતાં અત્યાર સુધી રાજયમાં અપેક્ષિત ઠંડી પડી નહોતી. ગત વર્ષે ૧૯ નવેમ્બર સુધીમાં પારો ૧૧ ડિગ્રીથી નીચે ગગડી ગયો હતો, જયારે ચાલુ વર્ષે અત્યાર સુધી તાપમાન ૧૮થી ૨૦ ડિગ્રીની આસપાસ જ રહેતા ઠંડીનો અહેસાસ ઓછો રહ્યો છે.



હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હવામાન સૂકું રહેશે. ઠંડી અને ગરમીનાં મિશ્ર વાતાવરણ વચ્ચે તાપમાનમાં સામાન્ય ઉતાર–ચઢાવ જોવા મળશે, આજથી પારો ધીમે ધીમે ગગડતા શિયાળાની અસર ધીમે ધીમે વધુ સ્પષ્ટ થશે.

વિશાળ નવો રોડ બનતાં વાહનચાલકોની ગતિ વધી

અમરેલીનાં ચિતલ રોડ ઉપર વાહનોની બેફામ ગતિ પર રોક લગાવવા સ્પીડબ્રેકર લગાવો

હોસ્પિટલ, કોલેજ અને રહેણાંક વિસ્તાર હોય સ્પીડબ્રેકર જરૂરી

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં રાજમાર્ગ ગણાતા ચિતલ રોડને પહોળો અને નવો બનાવાતાં વાહનચાલકોની ગતિમાં વધારો થતાં અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે.

માર્ગ–મકાન વિભાગ દ્વારા ચિતલ રોડ ઉપર દ્રષ્ટિ હોસ્પિટલ, રાધિકા હોસ્પિટલ, શ્રીનાથજી પાર્ક નજીક રોડની બંને બાજુ નિયમાનુસાર સ્પીડ બ્રેકર લગાવવા જોઈએ તેવી માંગ સ્થાનિક રહેવાસીઓમાં ઉભી થઈ છે.





'કહી દુર જબ દિન ઢલ જાયે, શામ કી દુલ્હન બદન ચુરાયે'

સાવરકુંડલા : શિયાળાની નરમ દસ્તક, સાંધ્ય સૌંદર્ય અને સલીલ ચૌધરીની સુરાવલીનો અનોખો સંગમ

કલાપ્રેમી અને પત્રકારે અદ્‌ભૂત દ્રશ્ય કેમેરામાં કેદ કર્યું



સાવરકુંડલા, તા. ૧૯

૧૯ નવેમ્બરની આ સાંજે પ્રકૃતિએ જાણે પોતાના સાંધ્ય મિજાજ સાથે શિયાળાના પ્રારંભની દસ્તક આપી છે. દૂર ક્ષિતિજે ઢળતા સૂરજની લાલીમા આકાશમાં અલૌકિક રંગો પાથરી રહી છે, ત્યારે વાતાવરણમાં હજુ શિયાળાની તીવ્ર ઠંડીનો અભાવ વર્તાઈ રહ્યો છે. ઋતુચક્રમાં શિયાળો હજુ જોઈએ તેવો જામ્યો નથી, છતાં આ નરમ અને ખુશનુમા સાંજમાં પ્રકૃતિની લીલા અને સૌંદર્ય ખરેખર અજબ અને માણવા જેવું બની રહ્યું છે.

આજના આ ખાસ દિવસનું એક વિશેષ પાસું એ પણ છે કે આજે મહાન સંગીતકાર સલીલ ચૌધરીનો જન્મદિવસ છે. ઢળતી સાંજ અને પ્રકૃતિના આ રમણીય માહોલમાં તેમના અમર સંગીતથી સજેલા હિન્દી ફિલ્મ 'આનંદ'ના ગીતની પંક્તિઓ સહજપણે યાદ આવી જાય છે: 'કહી દૂર જબ દિન ઢલ જાયે, શામ કી દુલ્હન બદન ચુરાયે... ચુપકે સે આયે... મેરે ખ્યાલોં કે આંગન મેં કોઈ જબ ખુશીઓં કે દીપ જલાયે, નજર ન આયે.'

સાંજના આ શાંત અને સંવેદનશીલ વાતાવરણમાં પ્રકૃતિના બદલાતા રંગો અને સંગીતની આ સુરાવલી એકબીજામાં ઓતપ્રોત થતી જણાય છે. ઋતુના બદલાવ વચ્ચે ઢળતા સૂરજનો પ્રકાશ, હળવી ઠંડક અને સલીલ ચૌધરીની સંગીત રચનાની ભાવના આ ત્રણેયનો સમન્વય આજની સાંજને વધુ અર્થસભર અને યાદગાર બનાવી રહ્યો છે. 'પ્રકૃતિના આ સૌંદર્યને નજીકથી જાણવા અને માણવા માટે આ ક્ષણો એક અનોખો અનુભવ આપી જાય છે.

આ અદ્‌ભુત સાંધ્ય સૌંદર્યને સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી (પાંધીસર) ના કેમેરામાં કંડારાયેલું જોવા મળે છે, જેમાં ઢળતા સૂરજની સાથે આકાશમાં રહેલા ચાંદનું મનમોહક દ્રશ્ય નજરે પડે છે.

કુટુંબીજનો વચ્ચેનો વિવાદ બન્યો જીવલેણ

રાજકોટના જસદણના જંગવડ ગામે નજીવી બાબતે ખૂની ખેલ

સામાન્ય બોલાચાલીએ ધારણ કર્યું ઉગ્ર સ્વરૂપ, વિલાશબેન ઘોડકીયાનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ; ઇજાગ્રસ્ત પતિ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ,તા.૧૯

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના જંગવડ ગામે કુટુંબીજનો વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં લોહિયાળ ઘટના બની છે. નજીવી બાબતે શરૂ થયેલી માથાકૂટ દરમિયાન થયેલા હુમલામાં વિલાશબેન પ્રકાશભાઈ ઘોડકીયાનું કરૂણ મોત નીપજ્યું છે. જ્યારે તેમના પતિ પ્રકાશભાઈ ઘોડકીયાને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે.

આ ઘટનાને પગલે ગામમાં ચકચાર મચી ગઈ છે અને પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જંગવડ ગામે કુટુંબીજનો વચ્ચે કોઈ

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)